પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ • અંક : ૨૩૯ • કુલ પાના : ૪ • તારીખ : ૦૩-૦૬-૨૦૨૪ સોમવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## એકઝીટ પોલનું તારણ : દેશમાં એકવાર ફરી મોદી સરકાર, ત્રીજીવાર એનડીએ સરકાર બનાવી રહી છે

નવીદિલ્હી,

લોકસભા ચુંટણી ૨૦૨૪નું મતદાન આજે પુરૂ થયું છે.૫૪૨ લોકસભા બેઠકોના પરિણામ ઈવીએમમાં કેદ થઇ ગયા છે.હવે લોકોને આતુરતાથી એ વાતની ઈન્તેજારી છે કે દેશમાં આગામી સરકાર કોની બનશે શું દેશમાં ત્રીજીવાર મોદી સરકાર આવનાર છે કે કંઈક ઉલટફેર થશે વિપક્ષી ગઠબંધન ઈન્ડિયા પણ આ વખતે જીતનો દાવો કરી રહ્યું છે.દેશમાં આગામી સરકાર કોની બનશે એ તો ચાર જુને જ જાણી શકાશે પરંતુ એકઝીટ પોલના પરિણામે કંઈક હદે સ્થિતિ સ્પષ્ટ કરી દીધી છે. ઈન્ડિયા ટુડે એકિસસ માઇ ઈન્ડિયાના




એકઝીટ પોલના પરિણામમાં જણાવાયું છે કે દક્ષિણના સૌથી મોટા રાજય તમિલનાડુમાં ડીએમકે કોંગ્રેસના દબદબો રહેશે અહીં ઈન્ડિયા ગઠબંધનને ૩૩-૩૭ બેઠકો મળવાનું અનુમાન છે જયારે એનડીએને ૨થી૭ અને એઆઈએડીએમકેને ૨ બેઠકો મળવાનું અનુમાન છે.સર્વે એજન્સીએ એનડીએને ૩૫૩-૩૬૮ અને ઈન્ડિયા ગઠબંધનને ૧૧૮-૧૩૩ જયારે અન્યને ૪૩-૪૮ બેઠકો મળે તેવું અનુમાન લગાવ્યું છે. પીમારકયુએ એનડીએને ૩૫૯ ઈન્ડિયાને ૧૫૪ અને અન્યને ૩૦ બેઠકો મળશે તેવું અનુમાન લગાવ્યું છે. એબીસી વોટરના એકઝીટ પોલમાં આંધ્રપ્રદેશ માટે એનડીએને ૨૧-૨૫ વાઈએસઆરસીપીને ૪ કોંગ્રેસને શૂન્ય અને અન્યને પણ શૂન્ય બેઠકો મળવાનું અનુમાન લગાવ્યું છે. કર્ણાટકમાં ભાજપ ૧૮-૨૨ બેઠકો પર જીતી શકે છે કોંગ્રેસ પાછળ રહેશે.તેલગણામાં ભાજપ વધારે બેઠકો જીતી સકે છે.તે ૮થી ૧૦ બેઠકો જીતી શકે છે. કેરલમાં ઈન્ડિયા ગઠબંધનના બે જુથો યુડીએફ અને એલડીએફ જેમાં લડાઈ થાય છે પરંતુ આ વખતે ભાજપે આ લડાઈને ત્રીજુ એંગલ આપ્યું છે. અહીં યુડીએફને ૧૩-૧૫ એલડીએફને ૩-૫ અને ભાજપને ૧-૩ બેઠકો મળી શકે છે.

લોકસભા ચૂંટણી ૨૦૨૪ સાત તબક્કામાં યોજાઈ હતી, જેમાં પ્રથમ તબક્કો ૧૭ એપ્રિલે અને છેલ્લો તબક્કો ૧ જૂને યોજાશે. લોકસભાની ૫૪૩ બેઠકો પર ચૂંટણી યોજાઈ હતી. લોકસભા ચૂંટણીના પરિણામો ૪ જૂને જાહેર થશે.

વાસ્તવમાં, એક્ઝિટ પોલ એ ચૂંટણી પછીનો સર્વે છે, જે દેશના મૂડનો અંદાજ લગાવે છે. આ એક ઓપિનિયન પોલ છે જે દર્શાવે છે કે રાજકીય પક્ષ કેટલી બેઠકો જીતી શકે છે. એ નોંધવું જોઈએ કે એક્ઝિટ પોલ સત્તાવાર ચૂંટણી પરિણામો જેવા નથી. ભારતીય ચૂંટણી પંચ દ્વારા ૪ જૂનના રોજ સત્તાવાર લોકસભા ચૂંટણીના પરિણામો ૨૦૨૪ જાહેર કરવામાં આવશે. મીડિયા હાઉસ દ્વારા સાંજે ૬.૩૦ વાગ્યા પછી એક્ઝિટ પોલ જાહેર કરવામાં આવ્યા હતા.

૨૦૧૯ માં, ઈન્ડિયા ટુડે-એક્સિસ માય ઈન્ડિયા અને ટુડેઝ ચાણક્ય સૌથી સચોટ હતા, જે જીતેલી સીટોની સૌથી નજીક આવ્યા હતા. આ પછી ટાઈમ્સ નાઉ-વીએમઆરની આગાહી હતી. ૨૦૧૯ ના વાસ્તવિક પરિણામોમાં, એનડીએ ૩૫૩ બેઠકો જીતી હતી અને યુપીએને ૯૧ બેઠકો મળી હતી.

જ્યારે ૨૦૧૪માં એનડીએને ૩૩૬ બેઠકો મળી હતી, જ્યારે યુપીએને ૬૬ અને અન્ય પક્ષોને ૧૪૭ બેઠકો મળી હતી. ભાજપે એકલા હાથે ૨૮૨ બેઠકો સાથે બહુમતી મેળવી છે. ૨૦૧૪માં મોટાભાગના એક્ઝિટ પોલ્સે દ્રઢછ માટે મજબૂત પ્રદર્શનનો સાચો સંકેત આપ્યો હતો.દિલ્હીમાં વિપક્ષી ગઠબંધનની બેઠક બાદ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ દાવો કર્યો છે કે ભારતના ખાતામાં ૨૯૫ લોકસભા સીટો આવશે અને મોદી સરકારને સત્તા પરથી હટાવી દેવામાં આવશે. આરજેડી નેતા અને બિહારના પૂર્વ નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવે ખડગેના નિવેદનનો પડઘો પાડ્યો અને કહ્યું, 'અમે ૨૯૫થી વધુ સીટો જીતીશું અને ઈન્ડિયા ગઠબંધન જીતી રહ્યું છે, દેશના લોકો જીતી રહ્યા છે.' તે જ સમયે, સમાજવાદી પાર્ટીના વડા અને ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અખિલેશ યાદવે કહ્યું, '૪ જૂન મંગળવાર છે અને તે મંગળવાર થવા જઈ રહ્યો છે... સમાજવાદી પાર્ટી અને ઈન્ડિયા ગઠબંધન (ઉત્તર પ્રદેશમાં) સૌથી વધુ બેઠકો મેળવશે.

## ચંદ્રના એક જટિલ અને દૂરના વિસ્તારમાં વિશાળ ખાડામાં ઉતર્યું ચીનનું અવકાશયાન, ચંદ્રમાંથી સેમ્પલ એકત્રિત કરીને કરશે મોટું કામ

ભારત અને અમેરિકા સાથે સખત દુશ્મનાવટ ધરાવતા ચીને તેનું અવકાશયાન ચંદ્રના સૌથી દૂરસ્થ અને જટિલ ક્ષેત્રમાં એક વિશાળ ખાડામાં સફળતાપૂર્વક લેન્ડ કર્યું છે. આ ચીની અવકાશયાન માટી અને ખડકોના નમૂના લેવા માટે રવિવારે ચંદ્રના આ દૂરના ભાગમાં ઉતર્યું છે. ચાઈનીઝ વૈજ્ઞાનિકોના મતે, આ નમૂનાઓ ચંદ્રના ઓછા અન્વેષિત પ્રદેશ અને તેના નજીકના ભાગ વચ્ચેના તફાવત વિશે માહિતી પ્રદાન કરી શકે છે યાદ અપાવી દઈએ કે, ચંદ્રનો સૌથી નજીકનો ભાગ ચંદ્ર ગોળાર્ધ છે જે હંમેશા દૂરની બાજુએ એટલે કે પૃથ્વીની સામે હોય છે.



ચાઈના નેશનલ સ્પેસ એડમિનિસ્ટ્રેશન અનુસાર, લેન્ડિંગ મોડ્યુલ બેઈજિંગ સ્થાનિક સમય અનુસાર સવારે ૬:૨૩ વાગ્યે દક્ષિણ ધ્રુવ-એટકેન બેસિન નામના વિશાળ ખાડામાં ઉતર્યું હતું. ચાંગે મૂન એકસપ્લોરેશન પ્રોગ્રામ હેઠળનું તે છઠ્ઠું મિશન છે, જેનું નામ ચીનની ચંદ્ર દેવીના નામ પરથી રાખવામાં આવ્યું છે. તેને ચંદ્ર પર એકત્રિત કરાયેલા નમૂનાઓને પૃથ્વી પર લાવવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. અગાઉ ૨૦૨૦ માં, ચાંગે ૫ એ પણ ચંદ્રની નજીકના ભાગમાંથી નમૂના એકત્રિત કર્યા હતા. આ પ્રોગ્રામ અમેરિકા અને જાપાન અને ભારત સહિત અન્ય દેશો સાથે વધી રહેલી દુશ્મનાવટ વચ્ચે શરૂ કરવામાં આવ્યો છે.ચીને અવકાશમાં પોતાનું સ્પેસ સ્ટેશન બનાવ્યું છે અને નિયમિતપણે ત્યાં ક્રૂ મેમ્બર મોકલે છે. ચીન ૨૦૩૦ પહેલા ચંદ્ર પર માણસને મોકલવાનું લક્?ય ધરાવે છે, જે આવું કરનાર અમેરિકા પછી તે બીજો દેશ બનશે. યુ.એસ. ૫૦ થી વધુ વર્ષોમાં પ્રથમ વખત ફરીથી ચંદ્ર પર અવકાશયાત્રીઓ મોકલવાનું આયોજન કરી રહ્યું છે. ચીનના વર્તમાન મિશનમાં લગભગ બે દિવસમાં બે કિલોગ્રામ સપાટી અને ભૂગર્ભ સામગ્રી એકત્રિત કરવા માટે મશીન અને ડ્રિલનો ઉપયોગ કરીને લેન્ડરનો સમાવેશ થાય છે. આ પછી, લેન્ડર પર લગાવેલ માઉન્ટ આ નમૂનાઓને મેટલ વેક્યૂમ કન્ટેનરમાં ચંદ્રની પરિક્રમા કરી રહેલા અન્ય મોડ્યુલમાં લઈ જશે.આ કન્ટેનરને પછી એક કેપ્સ્યુલમાં સ્થાનાંતરિત કરવામાં આવશે જે ૨૫ જૂનની આસપાસ ચીનના મંગોલિયા પ્રદેશના રણમાં પૃથ્વી પર પાછા આવવાનું છે. ચંદ્રની દૂરની બાજુએ મિશન મોકલવાનું વધુ મુશ્કેલ છે કારણ કે તે પૃથ્વીનો સામનો કરતું નથી, સંચાર જાળવવા માટે રિલે ઉપગ્રહોની જરૂર પડે છે. તેમજ આ ભાગ વધુ કઠોર છે જ્યાં લેન્ડરને ઉતરવા માટે બહુ ઓછી સપાટ જમીન છે.

## વેકેશનમાં ગુજરાતના સુંદર ૨૧ ટાપુઓ પર પ્રતિબંધ મૂકાયો, કોઈને નહિ મળે એન્ટ્રી

દ્વારકાનું જગત મંદિર વિશ્વ પ્રખ્યાત છે, તેમજ દ્વારકામાં બ્લ્યૂફ્લેગનો શિવરાજપુર બીચ પણ આવેલો છે. ત્યારે અહી પ્રવાસીઓ બારેમાસ આવે છે. માત્ર મંદિર અને શિવરાજપુર બીચ નહિ, પરંતુ દ્વારકાના ખૂણે ખૂણે આવેલા સુંદર બીચ પણ પ્રવાસીઓમાં હોટ ફેવરિટ છે. ત્યારે આ ટાપુઓ પર જવા પ્રતિબંધ લગાવાયો છે. એક-બે નહિ, દ્વારકાના ૨૧ ટાપુ પર લોકોના પ્રવેશ પર પ્રતિબંધ લગાવાયો છે.

દ્વારકાના અધિક કલેકટરે આ માટે જાહેરનામું બહાર પાડ્યું છે. દ્વારકા જિલ્લાના આ ટાપુઓ પર પૂર્વ મંજુરી વિના પ્રવેશ નહિ મળે.



દ્વારકા જિલ્લાની સમુદ્ર સીમામાં આવેલા ૨૧ જેટલા ટાપુઓ પર લોકોની અવર જવર પર તંત્ર દ્વારા રોક લગાવવામાં આવ્યો છે. દેવભૂમિ દ્વારકા અધિક કલેક્ટરે જાહેરનામુ બહાર પાડી રોક લગાવી છે. સમુદ્ર તટથી ૩ તરફથી જોડાયેલા દ્વારકા જિલ્લામાં આવેલ કુલ ૨૪ ટાપુ માંથી ફકત ૨ ટાપુ પર જ માનવ વસાહત છે. ત્યારે સમુદ્ર રસ્તે દેશ વિરોધી પ્રવૃત્તિઓ ઘટે તે હેતુથી દેશની સુરક્ષાની દ્રષ્ટિએ ૨૧ જેટલા નિર્જન ટાપુ પર જવા તંત્રએ રોક લગાવી છે. આ ૨૧ નિર્જન ટાપુ પર કોઈપણ વ્યકિત ધાર્મિક પ્રવૃતિના નામ પર દેશ વિરોધી પ્રવૃત્તિ હાથ ના ધરે તે બાબત એ સુરક્ષા વ્યસ્થા ચુસ્ત કરાઈ છે. ટૂંક સમય પેહલા જ સમુદ્રી વિસ્તારો પર મેગા ડીમોલિશન હાથ ધરાયું હતું, ત્યારે હાલ તારીખ ૦૨/૦૮/૨૦૨૪ સુધી ૨૧ ટાપુ પર અવર જવરની રોક લગાવી તંત્ર એ સુરક્ષા વધુ મજબૂત કરી.દેવભૂમિ દ્વારકા જિલ્લા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટએ એક જાહેરનામું પ્રસિધ્ધ કરી, જિલ્લામાં આવેલા નીચે મુજબના ૨૧ ટાપુઓ જેવા કે ખંભાળિયા તાલુકા હકુમત હેઠળના ધાની ઉર્ફે ડની ટાપુ, ગાંધીયોકડો ટાપુ, કાલુભાર ટાપુ, રોઝી ટાપુ, પાનેરો ટાપુ, કલ્યાણપુર હકુમત હેઠળના ગડુ (ગારૂ) ટાપુ, સાનબેલી (શિયાળી) ટાપુ, ખીમરોઘાટ ટાપુ, દ્વારકા હકુમત હેઠળના આશાબાપીર ટાપુ, ભૈદર ટાપુ, ચાંક ટાપુ, ધબધબો (દબદબો) ટાપુ, દીવડી ટાપુ, સામીયાણી ટાપુ, નોરૂ ટાપુ, માન મરૂડી ટાપુ, લેફા મરૂડી ટાપુ, લંધા મરૂડી ટાપુ, કોઠાનું જંગલ ટાપુ, ખારા મીઠા ચુષ્ણા ટાપુ અને કુડચલી ટાપુ ઉપર જે તે ટાપુની મહેસુલી હકુમત ધરાવતા મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ કે તેના ઉપરી અધિકારીની લેખીત પુર્વ મંજુરી વિના પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકયો છે. આ જાહેરનામું તા. ૨ નવેમ્બર સુધી અમલમાં રહેશે.આ ૨૧ નિર્જન ટાપુ પર કોઈપણ વ્યકિત ધાર્મિક પ્રવૃતિના નામ પર દેશ વિરોધી પ્રવૃત્તિ હાથ ના ધરે તે બાબતે ટાપુઓ પર સુરક્ષા વ્યવસ્થા ચુસ્ત કરાઈ છે. થોડા સમય પહેલા જ બેટદ્વારકા ટાપુ પર મેગા ડીમોલિશન હાથ ધરાયું હતું, ત્યારે હાલ ૨૧ ટાપુ પર અવર જવરની રોક લગાવી તંત્રએ સુરક્ષા વધુ મજબૂત કરી છે.

## ગુજરાતભરમાં ચેકિંગનો ધમધમાટ શરૂ: અમદાવાદમાં ૯૩ તો સુરતમાં ૭૩૯ મિલકતો સીલ કરાઈ

અમદાવાદ,

રાજકોટ અગ્નિકાંડ બાદ આખા રાજ્યમાં ચેકિંગનો ધમધમાટ ચાલી રહ્યો છે. ત્યારે અમદાવાદમાં ચેકિંગ દરમ્યાન ફાયર એનઓસી, બીયું પરમીશન ન ધરાવતા એકમો સીલ કરાયા છે. ત્યારે પ્રતિષ્ઠિત કાફેથી લઈને હોસ્પિટલો સીલ કરવામાં આવી છે. અલગ અલગ વિસ્તારનાં અર્બન કાફે, ટી પોસ્ટ પણ સીલ કરાયું છે. ૩ દિવસમાં ૭૦૩ એકમોમાં ચેકિંગ કરાયું છે. જેમાંથી ૯૩ એકમો સીલ કરાયા છે. તેમજ ૧૫ એકમો પાસે ફાયર એનઓસી તેમજ બીયું પરમીશ પણ ન હતી.

રાજકોટ અગ્નિકાંડની ઘટના બાદ સુરતનું તંત્ર પણ જાગ્યું છે. જેમાં ૭ દિવસમાં ૭૩૯ મિલકતોને સીલ કરી દેવામાં આવી છે. ૫૩૮ મિલકતો બીયુસી વિના, ૧૭૫ મિલકતો ફાયર એનઓસી વગર હતી. જ્યારે ૨૧૬ ટ્યુશન ક્લાસીસ, સ્કૂલ, ૧૩૧ હોસ્પિટલો, ૨૯ ગેમઝોન, ૨૭ સિનેમાગૃહ, ૭૧ રેસ્ટોરન્ડ, ૧૩૦ કોમર્શિયલ માર્કેટ, ૧૩૪ ટેમ્પરરી સ્ટ્રકટર જેવી મિલતોને સીલ કરાઈ હતી. તેમજ મોલ, રેસ્ટોરા, હોસ્પિટલ, શાળા, કલાસીસ બંધ કરી દેવાયા હતા.રાજકોટ ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ મામલે ત્રીજા દિવસે ગાંધીનગરમાં એસઆઈટી દ્વારા પૂછપરછ હાથ ધરવામાં આવનાર છે. આજે એસઆઈટી કર્મચારી-અધિકારીઓની પૂછપરછ કરશે. રાજકોટ મનપા તથા પોલીસ કર્મચારીઓ -અધિકારીઓ ની પૂછપરછ થશે. રાજકોટ આઈપીએસ તથા આઈએએસ અધિકારીઓની પણ પૂછપરછ થઈ શકે છે. છેલ્લા ૨ દિવસમાં ગાંધીનગરમાં ૧૦ લોકોની પૂછપરછ કરાઈ છે. તેમજ રાજકોટ મનપા, ફાયર, પોલીસ કર્મચારીઓની પૂછપરછ કરાઈ છે.રાજકોટ ટીઆરપી ગેમઝોન આગકાંડ મામલે પોલીસની તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસની તપાસમાં એક પણ પોલીસને જવાબદાર ઠેરવવામાં આવ્યો નથી. પોલીસ અધિકારીઓને ક્લીન ચીટ મળી છે. પોલીસ માત્ર ટિકિટ વહેંચણી માટે મંજૂરી આપતા હોવાનો ઉલ્લેખ કરાયો છે. પોલીસ વિભાગની ટિકિટની મંજૂરી હોવાથી ઘટના સાથે લેવાદેવા ન હોવાનો ઉલ્લેખ કરાયો છે. પોલીસનાં એકપણ અધિકારી સામે ગુનો નહી નોંધાય. તેમજ પોલીસ અધિકારીઓનાં નિવેદન લઈને જવા દેવાયા છે.

## રાજકોટ અગ્નિકાંડ:એસઆઈટીએ વધુ ૧૦ લોકોની પૂછપરછ શરુ કરી, વીડિયોગ્રાફી સાથે નિવેદન નોંધ્યા

ગાંધીનગર,

રાજકોટ ગેમિંગ ઝોન દુર્ઘટના બાદ સરકારે તપાસનો ધમધમાટ શરૂ કરી દીધો છે. આ દુર્ઘટનાની પગલે રાજ્ય સરકારે તપાસ માટે સીટના રચના કરી છે. અત્યાર સુધીના સીટના ઈતિહાસમાં પ્રથમ વખત એવું બન્યુ છે કે ઘટના બાદ રોજે રોજ ૧૦- ૧૨ કલાક ફાળવીને સીટ દ્વારા અધિકારીઓની વહીવટી તંત્રની પૂછપરછ કરાઈ રહી છે.રાજકોટમાં સર્જાયેલા અગ્નિકાંડની તપાસ કરી રહેલી એસઆઈટીની ટીમે ગઈકાલે ૬ લોકોને ૧૧ કલાક પૂછપરછ કરી અને નિવેદનો લીધા બાદ આજે ૧૦ લોકોના નિવેદન નોંધવામાં આવી રહયા છે. ગાંધીનગરના સ્ટેટ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો ખાતે ચાલી રહેલી તપાસમાં એસઆઈટીના વડા સુભાષ ત્રિવેદી વીડિયોગ્રાફી સાથે નિવેદનો નોંધી રહ્યા છે.રાજકોટ પોલીસ તથા રાજકોટ મહાનગરપાલિકાના કર્મચારીઓને બોલાવીને નિવેદન લેવામાં આવી રહ્યા છે. જેમાં આગ લાગવાથી લઈ આ ગુજરાત સુધીના ઘટનાક્રમમાં કોને કેવા પ્રકારની ભૂમિકા ભજવી છે એ પ્રકારના તમામ સવાલો એસ.આઈ.ટી દ્વારા પૂછવામાં આવી રહ્યા છે. લગભગ દસ કલાક ગઈકાલે ચાલેલી આ નિવેદનની પ્રક્રિયા દરમિયાન કેટલીક મહત્વની બાબતો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.રાજકોટના ગેમઝોનના અગ્નિકાંડ બાદ રાજ્ય સરકારે સમગ્ર કેસની નિષ્પક્ષ તપાસ કરવા માટે સીટની રચના કરે છે. રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે અત્યાર સુધીમાં નવ લોકોની ધરપકડ કરી છે. મહત્વનું છે કે સાંજે પાંચ વાગ્યે મનસુખ સાગઠીયા, ગૌતમ જોશી, મુકેશ મકવાણા ,રોહિત વિગોરાના કોર્ટ સંકુલમાં લાવવામાં આવ્યા હતા. મહત્વનું છે કે, સાંજે ૫:૪૫ વાગે તમામ આરોપીઓને ૧૨ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવેલા ધરપકડ કરાયેલા સામે એસીબીની તપાસનો ધમધમાટ ચાલી રહ્યો છે. દરમિયાન આજે એસઆઈટી સમક્ષ વધુ ૧૦ લોકોને બોલાવવામાં આવ્યા છે જેની સુનાવણી શરૂ થઈ ચૂકી છે.

## એક્ઝિટ પોલના પરિણામો વચ્ચે મોદીની મોટી કાર્યવાહી, અધિકારીઓની બેઠક બોલાવવામાં આવી

દેશની ૧૮મી લોકસભા માટે મતદાનના સાત તબક્કા પૂર્ણ થઈ ગયા છે. આ સાથે જ એક્ઝિટ પોલના પરિણામો પણ સામે આવ્યા છે. આ પરિણામોમાં, જ્યારે એનડીએને લગભગ ૩૭૮ બેઠકો મળતી જોવા મળી રહી છે, જ્યારે ભારત ગઠબંધનને લગભગ ૧૬૯ બેઠકો મળતી જોવા મળી રહી છે.

આવી સ્થિતિમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સતત ત્રીજી વખત દેશમાં ભાજપની આગેવાની હેઠળની એનડીએ સરકાર બનાવવા તરફ આગળ વધી રહ્યા છે.

આ જ કારણ છે કે પીએમ મોદી ૪૫ કલાકના મેડિટેશન પછી પરત આવતા જ એક્શન મોડમાં જોવા મળે છે. જીત લગભગ નિશ્ચિત હોવાથી તેમણે આગામી સરકારનો એજન્ડા નક્કી કરવાની તૈયારીઓ પણ કરી લીધી છે. પીએમ મોદીએ રવિવારે જ અધિકારીઓની મહત્વપૂર્ણ બેઠક બોલાવી છે. કહેવામાં આવી રહ્યું છે કે આ બેઠકમાં આગામી ૧૦૦નો એજન્ડા સામેલ કરવામાં આવશે.

પીએમ મોદીએ પીએમઓના અધિકારીઓને મીટિંગ માટે બોલાવ્યા છે. બેઠકમાં મુખ્યત્વે મોદી સરકાર ૩.૦ના પ્રથમ ૧૦૦ દિવસનો એજન્ડા નક્કી કરવામાં આવશે. એટલે કે સરકાર બન્યા બાદ આગામી ત્રણ મહિનામાં ક્યા મુદ્દાઓ પર કામ થશે, ક્યા મોટા નિર્ણયો લેવામાં આવશે, કેવા પગલા ભરવામાં આવશે, આ તમામ બાબતો પર ચર્ચા થશે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અગાઉ પીએમ મોદી દ્વારા અધિકારીઓને સૂચનાઓ આપવામાં આવી હતી, તેના આધારે આ અધિકારીઓએ નવી સરકારના ૧૦૦ દિવસના એજન્ડાનો ડ્રાફ્ટ તૈયાર કર્યો છે. તેમની સાથે આ ડ્રાફ્ટ પર જ ચર્ચા કરવામાં આવશે.

ઓગસ્ટ ૨૦૨૪ સુધીમાં મોટા નિર્ણયો લેવામાં આવી શકે છે

મીડિયા રિપોર્ટ્સનું માનીએ તો મોદી સરકાર તેના નવા કાર્યકાળના શરૂઆતના દિવસોમાં મોટા નિર્ણયો લેવાનું શરૂ કરશે. એક્ઝિટ પોલના પરિણામોના આધારે પીએમ મોદીને વિશ્વાસ છે કે તેઓ ફરી એકવાર સરકાર બનાવવા જઈ રહ્યા છે. આવી સ્થિતિમાં, એવું માનવામાં આવે છે કે ઓગસ્ટ ૨૦૨૪ સુધીમાં મોદી સરકાર કેટલાક વધુ મહત્વપૂર્ણ નિર્ણયો લઈ શકે છે.તમને જણાવી દઈએ કે કેન્દ્રીય બજેટ સરકાર બન્યાના એક મહિના પછી એટલે કે જુલાઈમાં આવશે. આવી સ્થિતિમાં સરકારની આગળની રણનીતિ આ બજેટમાં જ જોવા મળી શકે છે. વાસ્તવમાં આ વર્ષે ચૂંટણીના કારણે વચગાળાનું બજેટ ફેબ્રુઆરીમાં રજૂ કરવામાં આવ્યું હતું.

## ગાઝાના જબાલિયા કેમ્પમાંથી લગભગ ૭૦ પેલેસ્ટિનિયન નાગરિકોના મૃતદેહ મળી આવ્યા

ગાઝા

ઉત્તરી ગાઝાના જબાલિયા શરણાર્થી શિબિરમાંથી ઈઝરાયેલી સશસ્ત્ર દળોની પીછેહઠ બાદ લગભગ ૭૦ પેલેસ્ટિનિયન નાગરિકોના મૃતદેહ મળી આવ્યા છે. લગભગ ત્રણ અઠવાડિયાના હુમલા બાદ ઈઝરાયલે તેના સશસ્ત્ર દળોને પાછા ખેંચી લીધા છે. એમ્બ્યુલન્સ અને સિવિલ ડિફેન્સ ટીમોએ શુક્રવારે કેમ્પમાંથી ૨૦ બાળકો સહિત લગભગ ૭૦ મૃતદેહોને બહાર કાઢ્યા હતાસૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, ઈઝરાયેલના હવાઈ અને તોપખાનાના હુમલાને કારણે અનેક લોકો ઘરો, કેમ્પ અને હોસ્પિટલોના કાટમાળ નીચે દટાઈ ગયાની આશંકા છે. હુમલાઓએ કેમ્પમાં અને તેની આસપાસના સેંકડો રહેણાંક એકમો તેમજ રસ્તાઓ, પાણી પુરવઠા પ્રણાલીઓ અને ગટરના માળખાને વ્યાપક નુકસાન પહોંચાડ્યું છે. ઈઝરાયલી સૈનિકો પર અનેક એપાર્ટમેન્ટ અને રહેણાંક ઈમારતોમાં આગ લગાવવાનો પણ આરોપ છે. ગાઝામાં હમાસ સંચાલિત મીડિયા ઑફિસે જબાલિયા કેમ્પ પરના હુમલામાં થયેલા નુકસાન માટે ઈઝરાયેલી સૈન્યની નિંદા કરી હતી.

તેમણે કહ્યું કે હુમલામાં સેંકડો લોકો માર્યા ગયા, ઘણા રહેણાંક બ્લોક્સ નષ્ટ થયા અને ઘણા પેલેસ્ટિનિયનો વિસ્થાપિત થયા. યુનાઈટેડ નેશન્સ રિલીફ એન્ડ વર્ક્સ એજન્સી ફોર પેલેસ્ટાઈન શરણાર્થીઓએ ગઈ કાલે જણાવ્યું હતું કે તેને જબાલિયામાં તેની એજન્સી તરફથી "ભયાનક અહેવાલો" પ્રાપ્ત થયા છે, જ્યાં "અમારી શાળામાં આશ્રય મેળવતા બાળકો સહિત વિસ્થાપિત લોકો માર્યા ગયા છે અને ઘાયલ થયા છે." એજન્સીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર જણાવ્યું હતું કે, "આઈડીએફએ જબલિયામાં એક એજન્સી દ્વારા સંચાલિત શાળામાંથી રૂપાંતરિત આશ્રયને ઘેરી લીધો અને ત્યાં આશ્રય આપતા લોકોના તંબુઓને આગ લગાવી દીધી."

## સાધુ સંસારથી અલગ હોવાથી સંપત્તિમાં અધિકાર માગી શકે નહીં : દિલ્હી હાઈ કોર્ટ

સંન્યાસ લીધા પછી સાધુઓ સંસારથી અળગા થઈ જાય છે એટલે તેઓ સંપત્તિમાં અધિકાર માગી શકે નહીં. દિલ્હી હાઈ કોર્ટે એક કેસનો ચુકાદો આપતાં આ રસપ્રદ તારણ રજૂ કર્યું છે. આ કેસ નાગા સાધુઓને લગતો છે. હાઈ કોર્ટે કહ્યું છે કે નાગા સાધુ સાંસારિક દુનિયા અને મોહમાયાથી દૂર રહે છે અને તેમનું જીવન સંપૂર્ણપણે વૈરાગી હોય છે. તેથી સંપત્તિમાં ભાગ માગવાની તેમની માગણી યોગ્ય નથી.

આ કેસમાં મહંત શ્રી નાગાબાબા ભોલાગિરિ દ્વારા દિલ્હીના ત્રિવેણી ઘાટ, નિગમબોધ ઘાટ તથા જમુના બજારની જમીન પોતાના નામે કરવાની માગણી કરવામાં આવી હતી. આ જમીન ૧૯૯૬થી પોતાના કબજામાં હોવાની દલીલના આધારે માગણી કરાઈ હતી જેનો સ્થાનિક તંત્ર દ્વારા વિરોધ કરાયો હતો. મામલો હાઈ કોર્ટમાં પહોંચ્યો હતો, જ્યાં બેન્ચે સરકારની તરફેણમાં ચુકાદો આપ્યો છે.

મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીયાદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર
પંચમહાલ સમાચાર

# બાલાસિનોર મામલતદારની ટીમે એક જ દિવસમાં ૧૯ એકમો સીલ કર્યા અને ૪ એકમોને નોટીસ આપી

બાલાસીનોર,
રાજકોટના ગેમઝનમાં આગની દુર્ઘટના બાદ બાલાસિનોરમાં તંત્ર સફાળું જાગ્યું હતું અને બાલાસિનોર નગર તેમજ તાલુકામાં ચાલતી ફાયર એન.ઓ.સી. તેમજ બિનખેતી ના હુકમ વિનાની દુકાનો અને હોટેલોમાં ચકાસણી શરૂ કરવામાં આવી હતી. શનિવારે બાલાસિનોર મામલતદાર રાજેન્દ્રસિંહ વાઘેલા તથા ટીમ દ્વારા વિવિધ સ્થળોએ ચકાસણી કર્યા બાદ ૧૯ એકમોને સીલ લગાવી દેવામાં આવ્યું હતું. જેમાં માનવ હોટેલ, ઓનેસ્ટ તવા ફ્રાય, આશીર્વાદ હોટેલ, ભારત બેટરી, કેજીએફ ટાયર, ગણપતિ કપાસિયા ગોળ, રાસાયણિક ખાતર ગોડાઉન, મિસ્ત્રી એજન્સી, ઉમાં ટ્રેક્ટર, ફ્રેન્ડસ સ્ટીલ, અંબર હોટેલ, ન્યુ રોયલ ઢાબા, વેલકમ ટી સ્ટોલ, સહયોગ મારબલ, ઈન્ડિયન સપ્લાયર્સ, મયૂર હોટેલ, સહિત આકાશ હોટેલ જેવા સ્થળોનો પણ સમાવેશ થાય છે.બાલાસિનોર નગરમાં ફાયર એન.ઓ.સી. તેમજ બિનખેતીના હુકમ વિનાની દુકાનો તેમજ હોટલોની સંખ્યા વધારે છે. અત્યાર સુધી આ તમામ હોટેલો તેમજ દુકાનોને તંત્રએ રહેમનજર હેઠળ ચાલવા દીધા છે. ફાયર એન.ઓ.સી. વિનાના એકમો ઘણા મોટા પ્રમાણમાં છે. ફાયર એન.ઓ.સી. વિનાની ૫ હોટેલો ને નોટિસ આપવામાં આવી હતી. ફાયર એન.ઓ.સી. વિનાની બાલાસિનોર ની માનવ હોટેલ હોનેસ્ટ તવા ફ્રાય, સર્વોદય તવા ફ્રાય, આશીર્વાદ હોટેલ, ભારત બેટરી, ગણપતિ કપાસિયા ગોળ, રાસાયણિક ખાતર ગોડાઉન, મિસ્ત્રી એજન્સી, ઉમાં ટ્રેક્ટર, ફ્રેન્ડસ સ્ટીલ, અંબર હોટેલ, ન્યુ રોયલ ઢાબા, વેલકમ ટી સ્ટોલ, સહયોગ મારબલ, ઈન્ડિયન સપ્લાયર્સ, મયૂર હોટેલ, સહિત આકાશ હોટેલ અને કેજીએફ ટાયર ની દુકાનને સીલ કરવામાં આવી હતી. જ્યારે ચાર હોટેલોમાં ફાયર એનઓસીની મુદત પૂરી થઈ ગઈ હોવાનું જણાતા તેને નોટિસ આપવામાં આવી હતી.



### આ એકમોને નોટીસ ફટકારાઈ.

અન્નપૂર્ણા હોટેલ, ક્વોલિટી ઈન હોટેલ, આસોપાલવ હોટેલ, સબરસ હોટેલ, જી મઢુલી રેસ્ટોરન્ટ.

### બાલાસિનોર ની ૪ હોટેલમાંથી ૧૪ ઘરવપરાશના ગેસના બોટલ પકડાતા કાર્યવાહી કરવામાં આવી હતીઈ



બાલાસિનોર નગરમાં મામલતદાર સહિત ટીમ દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં નગર તેમજ તાલુકામાં આવેલ સર્વોદય તવા ફ્રાય હોટેલમાં ૧, આસોપાલવ હોટેલમાં ૩, ઓનેસ્ટ તવાફ્રાય હોટેલમાં ૪ અને અંબર હોટલ માંથી ૬ ઘરવપરાશના બોટલ ઝડપાતા બોટલ કબઝે કરી કાર્યવાહી કરવામાં આવી હતી.

### આ એકમો સીલ કરાયા.

માનવ હોટેલ, ઓનેસ્ટ તવા ફ્રાય, સર્વોદય તવા ફ્રાય, ભારત બેટરી, કેજીએફ ટાયર, આશીર્વાદ હોટેલ, ગણપતિ કપાસિયા ગોળ, રાસાયણિક ખાતર ગોડાઉન, મિસ્ત્રી એજન્સી, ઉમાં ટ્રેક્ટર, ફ્રેન્ડસ સ્ટીલ, અંબર હોટેલ, ન્યુ રોયલ ઢાબા, વેલકમ ટી સ્ટોલ, સહયોગ મારબલ, ઈન્ડિયન સપ્લાયર્સ, મયૂર હોટેલ, આકાશ હોટેલ

### હોટલ માંથી દારૂની ખાલી બોટલો મળ્યાના



મયુર હોટલ માંથી દારૂની ખાલી બોટલો મળ્યાના અહેવાલને લઈ બાલાસિનોર મામલતદાર દ્વારા રિપોર્ટમાં પણ ઉલ્લેખ કર્યાના અહેવાલ પ્રાપ્ત થાય છે

# બાલાસિનોરના દાદાના મુવાડા ખાતે કાર અને મોપેડ વચ્ચે અકસ્માત : મોટર સાઈકલને ગંભીર ઈજાઓ થતાં અમદાવાદ ખસેડાયા



બાલાસિનોર,
બાલાસિનોર તાલુકાના દેવ તાબે આવેલા દાદાના મુવાડા પાસે કાર અને મોટર સાયકલ વચ્ચે ગમખ્વાર અકસ્માત થતા આસપાસના લોકો દોડી આવ્યા હતા. જ્યારે મોટરસાયકલ ચાલકને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં અમદાવાદ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર બાલાસિનોર તાલુકાના દેવ તરફથી બાલાસિનોર તરફ જવાના રસ્તા પર દાદાના મુવાડા પાટિયા પાસે મોટરસાયકલ અને મારૂતિ સુઝુકીની કાર નંબર GJ-35-H-8622 ના ચાલક દ્વારા ગફલત રીતે ચલાવી મોટર સાઈકલ સવાર રમેશભાઈ ભલાભાઈ ચૌહાણ રહે દેવનાઓ ને માથાના અને શરીરના ભાગે ઈજાઓ પહોંચતા અમદાવાદ વધુ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. ત્યારે દેવ રૂલર પોલીસ દ્વારા આગળની કાર્યવાહી કરવામાં આવી છે.

# મહિસાગર પેરોલ શાખાએ વડોદરા મધ્યસ્થ જેલના પાકા કામના ફરાર આરોપીને ઝડપ્યો



લુણાવાડા,
મહિસાગર પેરોલ ફ્લો શાખાને વડોદરાની મધ્યસ્થ જેલના પાકા કેદી, આરોપીને ઝડપી પાડવામાં સફળતા મળી હતી. આ આરોપી જેલ માંથી રજા પર ઘરે આવ્યો હતો. જે બાદ તેની રજા પુરી થઈ ગઈ હોવા છતાં તે હાજર ન થયો હતો અને છેલ્લા છ મહિનાથી ફરાર થઈ ગયો હતો. જેને મહિસાગર પેરોલ ફ્લો શાખાએ મહિસાગર સાઈબર ક્રાઈમ શાખાની મદદથી ઈન્સ્ટગ્રામ આઈ.ડી. પરથી ગાંધીનગર ખાતેથી શોધી કાઢ્યો હતો.મહિસાગર પેરોલ ફ્લો શાખાના પી.એસ.આઈ બી.પી.પટેલ તથા પોલીસ સ્ટાફ દ્વારા વડોદરા મધ્યસ્થ જેલમાં સજા ભોગવતા પાકા કેદી પ્રવીણ મથુરભાઈ પગી ઉ.વ. ૨૨ જે મહીસાગર જીલ્લાના વિરપુરના ઘાટડા પગી ફળિયાનો રહેવાસી છે. જે પેરોલ રજા ઉપર આવેલો અને આ કેદીની રજા ૨૩ નવેમ્બર ૨૦૨૩ના રોજ રજા પુરી થતી હતી અને તેને હાજર થવાનું હતું, પરંતુ આ કેદી હાજર થયો ન હતો અને છેલ્લા ૬ મહિનાથી ફરાર થઇ ગયો હતો. આ બાબતે વિરપુર પોલીસ સ્ટેશનમાં કેદી અધિનિયમની કલમ ૫૧(૧), (બી) મુજબ ગુન્હો નોંધવામાં આવ્યો હતો.આ આરોપી નાસતો ફરતો હતો. જેની બાતમીદાર પાસેથી પોલીસને બાતમી મળી હતી કે, કેદી આરોપી પ્રવીણ મોબાઈલમાં ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. ચલાવતો હતો. જેથી મહિસાગર સાયબર સેલની મદદથી પેરોલ ફ્લો શાખા દ્વારા ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. પરથી મોબાઈલ નંબર મેળવી મોબાઈલ લોકેશન આધારે આરોપીને ગાંધીનગર જીલ્લાના વલાદ ગામ ખાતેથી ઝડપી પાડવામાં આવ્યો હતો. આરોપીને ઝડપી હસ્તગત કરી ડભોડા પોલીસ સ્ટેશનમાં નોંધ કરાવી મહીસાગર પેરોલ શાખા તેને લઈ મહિસાગર આવી હતી અને વધુ આગળની કાર્યવાહી માટે તેને વિરપુર પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવ્યો હતો. આમ, મહિસાગર પેરોલ ફ્લો શાખા દ્વારા છેલ્લા ૬ માસથી ફરાર કેદીને ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. વડે શોધી કાઢવામાં આવ્યો હતો.

## માનવતાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડતા રવિન્દ્રભાઈ પટેલ



મલેકપુર,
મહીસાગર
જીલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે પંચમહાલ ડિસ્ટ્રીકટ કો-ઓપરેટિંગ બેન્ક આવેલ હોઈ જેમાં તા.૩૦-૦૫-૨૦૨૪ ના રોજ રવિન્દ્ર ભાઈ પટેલ પોતાના લોકર્સ ના કામ અર્થે ગયેલા હતા. ત્યાં તેઓ પોતાનું લોકર્સ ખોલતાજ તેમની નજર નીચે પડેલ સોનાની વીંટી પર પડી તેમને જોયું તે વીંટી તેમની નથી અને બેન્ક મેનેજરનો સંપર્ક કરી સોનાની વીંટી બેન્ક મેનેજરને સુપ્રત કરી માનવતાની મહેક ફેલાવી સમાજમાં ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડેલ છે. રવિન્દ્રભાઈ પટેલનું કહેવું છે કે, જે વસ્તુ મારી નથી, તે હું કેવી રીતે લઈ શકું. તે બદલ બેન્ક મેનેજર અને બેન્કના તમામ સ્ટાફે રવિન્દ્રભાઈ અને તેમની પત્નીનો આભાર વ્યકત કરેલ હતો.

# નડિયાદ એક સંકલ્પ સામાજીક ક્રાંતિના ખૌર કાર્યક્રમ યોજાયો

નડિયાદ,
ગુજરાતની સાક્ષરનગરીના આંગણે યુગ પુરૂષ, લોહ પુરૂષ અખંડ ભારતના શિલ્પી શ્રેષ્ઠ વ્યક્તિત્વ એવા સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ ભૂમિ નડિયાદ ૦૧-૦૬-૨૦૨૪ - શનિવારના રોજ નડિયાદ ખાતે સરદારધામ યુવા સંગઠન આયોજીત મિશન - ૨૦૨૬ અંતર્ગત ભવ્ય યુવા સંવાદ - એક સંકલ્પ સામાજીક ક્રાંતિ કી ઓર કાર્યક્રમ યોજાયો. જેમાં ૨૫૦૦ થી વધારે લોકોએ હાજરી આપી. કાર્યક્રમમાં ઉપસ્થિત સરદારના વંશજો ભુપેન્દ્રભાઈ મનુભાઈ પટેલ અને સમીરભાઈ પ્રફુલભાઈ પટેલનું સન્માન કરવામાં આવ્યું. સરદારધામ CEO સી.એલ. મીના સર દ્વારા GPSC / UPSC જેવી પરીક્ષાઓની તૈયારી ક્રેમ કરવી તેના અંગે માર્ગદર્શન આપ્યું. આણંદના સાંસદ મીતેશભાઈ પટેલ (બકાભાઈ) દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી. કાર્યક્રમ દરમ્યાન અમુલ ડેરીના ચેરમેન વિપુલભાઈ પટેલ તથા ધારાસભ્ય પંકજભાઈ દેસાઈ તેમજ ડૉ વૈભવભાઈ પટેલ સ્થાપક ટ્રસ્ટી તરીકે જોડાયા. સરદારધામ પ્રમુખસેવક ગગજીભાઈ સુતરીયા દ્વારા સરદારધામ વિચાર, મિશન, વિઝન, ગોલ અને પાંચ લક્ષ્યબિંદુઓ અને જુદા જુદા પ્રશ્નો અંગે યુવા સંવાદ કરવામાં આવ્યો.



# સાતમા અને અંતિમ તબક્કાની ૫૭ બેઠકો ઉપર મતદાન સંપન્ન થતાં જ બધાની નજર પરિણામ



નવીદિલ્હી,
લોકસભાની ચૂંટણીના અંતિમ અને સાતમા તબક્કાનું આજે મતદાન સવારે સાત વાગ્યાથી સાંજના પાંચ વાગ્યા સુધી કડક સુરક્ષા બંદોબસ્ત વચ્ચે સંપન્ન થયું હતું મતદાન દરમિયાન બંગાળમાં હિંસાના અહેવાલો આવ્યા છે બાકી રાજયોમાં મતદાન શાંતિપૂર્ણ સંપન્ન થયું છે. આજે ૮ રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશની ૫૭ બેઠક પર મતદાન થયું હતું. જેમાં સૌથી વધારે ઉત્તર પ્રદેશ અને પંજાબની ૧૩-૧૩ બેઠકોનો સમાવેશ થાય છે અંતિમ તબક્કામાં સરેરાશ ૬૫ ટકા મતદાન થયું છે.આ સાથે જ લોકસભાની તમામ બેઠકો પર મતદાન પુરૂ થયું છે હવે તમામની નજર ચાર જુને આવનારા પરિણામો પર ટકેલી છે.

અંતિમ તબક્કામાં પંજાબની ૧૩ બેઠક પર ૩૨૮ ઉમેદવારો,ઉત્તર પ્રદેશની ૧૩ બેઠક પર ૧૪૪ ઉમેદવારો, પશ્ચિમ બંગાળની ૯ બેઠક માટે ૧૨૪ ઉમેદવારો,બિહારની ૮ બેઠક પર ૧૩૪ ઉમેદવારો,ઓડિશાની ૬ બેઠક પર ૬૬ ઉમેદવારો,હિમાચલ પ્રદેશની ૪ બેઠક માટે ૩૭ ઉમેદવારો,ઝારખંડની ૩ બેઠક માટે ૫૨ ઉમેદવારો,ચંડીગઢની કુલ ૧ બેઠક પર ૧૯ ઉમેદવારોનું ભાવી મતદારોએ ઈવીએમ મશીનમાં સીલ કરી દીધું છે.

આજે સાતમા તબક્કામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પોતે ચૂંટણી મેદાનમાં હતાં આ ઉપરાંત મોદી સરકારના ૫ મંત્રીઓનું પણ ભાવી નક્કી થયું છે ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપનો દબદબો હતો.ભાજપે ૫૭માંથી ૨૫ બેઠક જીતી હતી. જોકે એનડીએના આંકડાને જોડીએ તો તે ૩૨ સીટ સુધી પહોંચી ગયો હતો. જ્યારે યૂપીએના પક્ષમાં માત્ર ૯ બેઠક આવી હતી. જ્યારે અન્યના ખાતામાં માત્ર ૧૪ બેઠક આવી હતી. ત્યારે એ જોવાનું રહેશે કે આ વખતે એનડીએ વર્સિસ ઈન્ડિયા ગઠબંધનમાં કયો પક્ષ બાજી મારે છે.કોલકતામાં વરિષ્ઠ અભિનેતા અને આસનસોલ લોકસભા સીટ પરથી ટીએમસીના ઉમેદવાર શત્રુઘ્ન સિન્હાએ કહ્યું, "ભારત ગઠબંધન જીતવા જઈ રહ્યું છે. હવે, તે 'મુદ્દો' વિરુદ્ધ 'મોદી' છે.મોદીની કોઈપણ ગેરંટી વાસ્તવિકતા બની નથી.મોદીની વિશ્વસનીયતા ખતમ થઈ ગઈ છે. શત્રુઘ્ન સિંહાએ પોતાનો મત આપ્યો હતો પશ્ચિમ બંગાળની જયનગર લોકસભા સીટ પર લડાઈના અહેવાલ છે. વાસ્તવમાં, દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના જયનગર લોકસત્ર વિસ્તારના કુલતલી વિધાનસભા બૂથ નંબર ૨૭૦ પર બીજેપી કાર્યકર પિન્ટુ પ્રધાન પર હુમલો કરવામાં આવ્યો હતો. આરોપ છે કે તૃણમૂલ કોંગ્રેસના મજબૂત લોકોએ તેમને માર્યા અને હાથ તોડી નાખ્યા.જમ્મુ અને કાશ્મીરના લેફટનન્ટ ગવર્નર મનોજ સિંહા,રાજદઈત્નઠ્ઠ નેતાઓ તેજસ્વી યાદવ અને તેજ પ્રતાપ યાદવ,આરજેડી વડા લાલુ પ્રસાદ યાદવ, બિહારના ભૂતપૂર્વ સીએમ રાબડી દેવી અને સારણ લોકસભા મતવિસ્તારના આરજેડી ઉમેદવાર રોહિણી આચાર્યએ પટના સાહિબ લોકસભા સીટ પરથી ભાજપના ઉમેદવાર રવિશંકર પ્રસાદ,કેન્દ્રીય મંત્રી અને હમીરપુર લોકસભા સીટના ભાજપના ઉમેદવાર અનુરાગ ઠાકુર હમીરપુરમાં મતદાન કેન્દ્ર પર પોતાનો મત આપ્યો.પંજાબના પૂર્વ મુખ્યમંત્રી અને જલંધર લોકસભા સીટના કોંગ્રેસના ઉમેદવાર ચરણજીત સિંહ ચન્ની,બિહારના પૂર્વ મુખ્યમંત્રી અને ગયા લોકસભા સીટ પરથી ઉમેદવાર જીતન રામ માંઝી અને તેમના પુત્ર હિન્દુસ્તાની અવમ મોરચા (સેક્યુલર)ના પ્રમુખ સંતોષ કુમાર સુમન,ગાઝીપુરથી સમાજવાદી પાર્ટીના ઉમેદવાર અફઝલ અન્સારી ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર અને આપ નેતા હરભજન સિંહ,ભાજપના નેતા અને અભિનેતા મિથુન ચક્રવર્તીએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતોઆજે સવારે ૬.૪૦ વાગ્યે જયનગર સંસદીય મતવિસ્તારમાં બેનીમાધવપુર એફપી સ્કૂલમાંથી ટોળા દ્વારા કેટલાક અનામત ઈવીએમ અને સેક્ટર ઓફિસરના કાગળો લૂંટી લેવામાં આવ્યા હતા. બંગાળના સીઈઓ દ્વારા એક ટ્વિટમાં કહેવામાં આવ્યું હતું કે ટોળાએ બે વીવીપીએટી મશીનો તળાવમાં ફેંકી દીધા હતા. સેક્ટર ઓફિસરે આ મામલે એફઆઈઆર દાખલ કરી છે અને જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહી છે.બંગાળના જયનગર લોકસભા વિસ્તાર હેઠળ ના કેનિંગમાં ટીએમસી અને ભાજપના કાર્યકરો વચ્ચે અથડામણ થઈ હતી પથ્થરમારો થયો હતો જેમાં પત્રકારને માથા પર ગંભીર ઈજા પહોંચી હતી. તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

અંતિમ તબક્કામાં ખુબ જ રોચક તસવીર સામે આવી છે.કયાંક કોઈ ઘોડા પર બેસી મતદાન કરવા ગયા તો કોઈ બાળકની સાયકલ લઈ મતદાન કરવા મતદાન કેન્દ્ર પહોંચ્યા હતાં કોલકતામાં મિશનરીજ ઓફ ચેરિટીની નને એક મતદાન કેન્દ્ર પર મતદાન કર્યું હતું સોથી વધુ મતદાન ઝારખંડમાં થયું હતું જયારે બિહારમાં મતદાન ઓછું રહ્યું હતુ બંગાળમાં મતદાન સારૂ રહેવા પામ્યુ છે. વારાણસી લોકસભા વિસ્તારની ભદૈની ઈપીરિયલ પબ્લિક સ્કુલમાં બુથ સંખ્યા ૨૯૧ની ઈનીએમમાં ગડબડી થઈ હતી જેને કારણે મતદાન વિલંબથી ચાલુ થયું હતુ ભારે ગરમી હોવા છતાં મતદાન કરવા માટે મતદારો મતદાન મથકો પર ઉમટી પડયા હતાં.પહેલીવાર મતદાન કરનારાઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો

## આપની આજ.......

મેષ:કોઈપણ અધૂરું કાર્ય પૂર્ણ થશે. પુત્ર કે પુત્રીને લગતા કોઈપણ વિવાદનું સમાધાન પણ કરવામાં આવશે. સુખી વ્યક્તિત્વ હોવાને કારણે અન્ય લોકો તમારી સાથે સંબંધ રાખવાનો પ્રયાસ કરશે.

વૃષભ:આજે તમારામાં નિર્ભયતાની ભાવના રહેશે અને હિંમતભેર તમારા મુશ્કેલ કાર્યો પૂરા કરવામાં સમર્થ થશો. પર્યાપ્ત સહયોગથી તમને તમારા માતા-પિતાનું સુખ મળશે.

મિથુન:સમજદારીપૂર્વક નવા વિચારોની શોધખોળ કરવામાં દિવસ પસાર થશે. તમે ફક્ત મર્યાદિત અને જરૂરી ખર્ચ કરો છો. તમને તમારા પરિવારના સભ્યોથી દગાની સંભાવના છે. સાંજથી રાત સુધીની સાંજની સફર પણ થઈ શકે છે, જે ફાયદાકારક રહેશે.

કર્ક: આજે કોઈ વ્યક્તિ, બેંક અથવા સંસ્થા પાસેથી લોન ના લો, તે લોનમાંથી બહાર ઉતરવું મુશ્કેલ બનશે. જૂના મિત્રોનો સહયોગ મળશે અને સારા મિત્રોમાં પણ વૃદ્ધિ થશે. આજે તમને તમારી પત્ની તરફથી સારો સહયોગ મળી શકે છે. રાત્રિનો સમય આનંદમાં વિતાવશો.

સિંહ:આજનો દિવસ તમારા માટે સારો છે. આજે તમારા હક અને સંપત્તિમાં વધારો થશે. તમે બીજાના સારા વિશે વિચારશો અને હૃદયથી સેવા પણ કરશો. આજે તમારી પાસે તમારા ગુરુ પ્રત્યે સંપૂર્ણ નિષ્ઠા અને વફાદારી છે.

કન્યા: મિશ્રિત ફળનો દિવસ છે. માનસિક અશાંતિ, ચિંતાને કારણે તમે ભટકી શકો છો. માતા-પિતાના ટેકા અને આશીર્વાદ રાહત આપશે. આજે સાસરિયાઓ તરફથી નારાજગીના સંકેત મળશે

તુલા:કિંમતી વસ્તુઓ મળી શકે છે. પરંતુ આ સાથે બિનજરૂરી ખર્ચા પણ સામે આવશે, જેને તેઓ ઈચ્છતા ન હોય તો પણ મજબૂર થઈ કરવા પડશે. સાસરિયાઓ તરફથી તમને માન મળશે.

વૃશ્ચિક:આજે વધુ વ્યસ્ત રહેશો. પરંતુ આસપાસ ભાગદોડમાં સાવચેત રહો. પગમાં ઈજા થવાનો ભય છે. તમારા નિર્ણયની ક્ષમતાઓનો આજે તમને લાભ મળી શકે છે. આજે અટકેલા કામ પૂરા થશે.

ધનુ:લોકોનું મન ચંચળ રહેશે. આને કારણે ઘણી બધી સમસ્યાઓ પણ ઊભી થઈ શકે છે. એટલું જ નહીં, વ્યવસાયના વિકાસ માટે કરવામાં આવેલા પ્રયત્નો આજે નિરર્થક થઈ શકે છે.

મકર: વ્યર્થ ખર્ચ ટાળવો જોઈએ. જો તમે કોઈ શારીરિક રોગથી પીડિત છો તો આજે તેમાં વધારો થઈ શકે છે. પરંતુ સાંજ સુધી આરામ મળી રહેશે. સામાજિક પ્રવૃત્તિઓમાં વિક્ષેપ રહેશે.

કુંભ:તમારામાં દાન અને દાનની ભાવનાનો વિકાસ થશે. ભાગ્ય તરફથી પણ તમને પૂરો સહયોગ મળશે. આર્થિક સ્થિતિ મજબૂત રહેશે. સાંજથી રાત સુધી પેટની બીમારી થવાની સંભાવના છે. સાવચેત રહો અને ખોરાક પર સંયમ રાખો.

મીન:આજનો દિવસ સારો રહેશે. તમારી મહેનતથી તમને સારા પરિણામ મળશે. તમારા બાળક પ્રત્યેની તમારી શ્રદ્ધા વધુ મજબૂત થશે. આજે મોસાળ તરફથી પ્રેમ અને વિશેષ સહયોગની સંભાવના છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# સંજેલી APMC માર્કેટિંગયાર્ડમાં બિનહિસાબી અનાજની તપાસ કરવા આવેલા નાયબ મામલતદારની તપાસ

- જીલ્લા પુરવઠા અધિકારીને અંધારામાં રાખીને મોટો વહીવટ કરાયો હોવાની ચારે કોર ચર્ચા.
- એપીએમસી ખાતે સીસીટીવીમાં તેમજ આજુ બાજુ ના સીસીટીવી માં ચેક કરવામાં આવે તો બહાર લિંક મળી શકે ?
- ડેપ્યુટી મામલતદાર એન્ડ એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટની સંજેલી APMC મા તપાસ કરતાં વેપારીયો મા ફફડાટ




દાહોદ, સંજેલી તાલુકાના મુખ્ય મથક સંજેલી ખાતે એપીએમસી માર્કેટિંગયાર્ડમાં ત્રણ વેપારીઓની પેઢીમાં તેઓના ગોડાઉનમાં ૧૦૦૦થી વધુ બિન હિસાબી ઘઉંના કટ્ટા તેમજ ૫૦૦થી વધુ બિનહિસાબી ચોખાના કટ્ટા હોવા અંગે જાગૃત નાગરિક દ્વારા દાહોદ જીલ્લા પુરવઠા અધિકારીને જાણ કરવામાં આવી હતી. જીલ્લા પુરવઠા અધિકારીને જાણ કરાતા તરત જ જીલ્લા પુરવઠા અધિકારીએ આ બાબતની ચકાસણી કરવા માટે ની તજવીજ હાથ ધરી હતી અને આ બાબતની તપાસ કરવા માટે સંજેલી એપીએમસી માર્કેટિંગયાર્ડ ખાતે રેડ કરવા અધિકારીને આદેશ કરવામાં આવ્યો હતો. ત્યારે લગભગ સાંજના પાંચ વાગ્યાના અરસામાં ડેપ્યુટી મામલતદાર એન્ડ એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ લખેલું બોર્ડ વાળી GJ-20-CA-3832 નંબરની ટાટા કંપનીની કારમાં એક અધિકારી સંજેલી એપીએમસી માર્કેટિંગ યાર્ડ ખાતે આવી પહોંચ્યા હતા અને બાતમી વાળા ત્રણ વેપારીઓ માંથી માત્ર એક વેપારીની પેઢી ખાતે ગયા હતા અને ત્યાં તપાસનું નાટક કરીને તપાસ કરતા હોય તેવો ડોળ કર્યો હતો અને પેઢીમાં કે ગોડાઉનમાં કોઈપણ જાતની તપાસ કર્યા વગર આ અધિકારી સંજેલી એપીએમસી માંથી રવાના થઈ ગયા હતા. ત્યારે આ બાબતે આ નાયબ મામલતદાર કક્ષાના અધિકારી દ્વારા સંજેલી એપીએમસીના માર્કેટિંગ યાર્ડના વેપારીઓ પાસેથી દાહોદ જીલ્લા પુરવઠા અધિકારીને અંધારામાં રાખીને મોટો વહીવટ કર્યો હોવાની સંજેલી તાલુકામાં ચર્ચાઓ ઉઠવા પામી છે. ત્યારે આ બાબતે દાહોદ જીલ્લા પુરવઠા અધિકારી જાતે જ સંજેલી એપીએમસી ખાતે આવીને સંજેલી એપીએમસી માર્કેટિંગયાર્ડના સીસીટીવી કેમેરા તપાસ કરીને આ અધિકારી દ્વારા કરવામાં આવેલી કામગીરી જોઈને આ બાબતે યોગ્ય કાર્યવાહી કરે તે ખૂબ જ જરૂરી છે. અહીં ઉલ્લેખનીય બાબત છે કે, સંજેલી એપીએમસી માર્કેટિંગ યાર્ડ ખાતે જે વેપારીઓને ત્યાં રેડ કરવા અધિકારી આવવાના હતા તે બાબતની આ ત્રણેય વેપારીઓને કલાક પહેલા જાણ થઈ ગઈ હતી અને આ વેપારીઓ આખા માર્કેટિંગયાર્ડમાં અમારી દુકાનમાં તપાસ આવવાની છે, કોઈએ અમારા વિશે દાહોદ જીલ્લા પુરવઠા અધિકારીને જાણ કરી છે. જેથી અમારે ત્યાં રેડ પડવાની છે અને અમે બધું ગોઠવણ કરી દીધી છે અમારે ો સાથે સાથ ગાંઠ છે અમે બધે પહોંચી વળીશુ તેવી વાતો પણ કરતા હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે જીલ્લા પુરવઠા અધિકારીને ખાનગી રહે અપાયેલી બાતમીને તપાસ કરનાર અધિકારીઓએ જ વેપારીઓને આપી હોવાનું ઠેર ઠેર ચર્ચાઈ રહ્યું છે. ત્યારે આ તમામ બાબતની જીલ્લા પુરવઠા અધિકારી દ્વારા ગંભીર નોંધ લેવામાં આવે અને આ બાબતની યોગ્ય તપાસ કરવામાં આવે તે ખૂબ જ જરૂરી છે તેમજ સંજેલી એપીએમસી ખાતે બિનહિસાબી જથ્થો રાખનાર વેપારીઓની પેઢીઓ તેમજ ગોડાઉનની તપાસ કરવામાં આવે તે ખૂબ જ જરૂરી છે.

જોકે, રેડ પડવાની માહિતી લિક થઈ ગઈ હોવાથી સંજેલી એપીએમસી માર્કેટિંગયાર્ડ ખાતે બિનહિસાબી અનાજનો જથ્થો રાખનાર વેપારીઓએ પોતાના આવા બિનહીસાબી અનાજના જથ્થાને રાતોરાત સગેવગે કરી દીધો હોવાનું પણ બની શકે છે. જે બાબત સંજેલી એપીએમસી ખાતે સીસીટીવીમાં તેમજ આજુબાજુના સીસીટીવીમાં ચેક કરીને આવા બિન હિસાબી અનાજના જથ્થાને સગે વગે કરવાની હિલચાલ કરવામાં આવી હોય તો તે જાણી શકાય તેમ છે.

ત્યારે આ સમગ્ર બાબતે દાહોદ જીલ્લા પુરવઠા અધિકારી દ્વારા યોગ્ય પગલાં લેવામાં આવે અને આ બાબતની ગંભીર નોંધ લેવામાં આવે અને આવા ફરજ પ્રત્યે બેદરકારી દાખવનાર અધિકારી સામે કડકમાં કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે અને દાખલા રૂપ કાર્યવાહી કરવામાં આવે તે ખૂબ જ જરૂરી છે.

# દાહોદમાં ભુમાફિયાઓ સામે બે અને બી ડીવીઝન પોલીસ મથકે બે અલગ-અલગ ફરિયાદમાં ૩ ઈસમોની અટકાયત કરાઈ

## જમીન કૌભાંડમાં અન્ય નામી ચહેરાઓના નામ ખુલશે.

દાહોદ, દાહોદ શહેરમાં ભુમાફિયાઓ સક્રિય બનતાં દાહોદ બી ડિવીઝન તેમજ એ ડિવીઝન પોલીસ મથકે બે અલગ અલગ ફરિયાદો નોંધાંવવા પામી છે. જેમાં ત્રણ જેટલા ઈસમોની પોલીસે અટકાયત કરી અન્યની પુછપરછોનો ધમધણાટ આરંભ કર્યો છે. ત્યારે સમગ્ર મામલે આવનાર દિવસોમાં આ જમીન મહાકૌભાંડમાં અનેક નામી ચહેરાઓના નામો ખુલવાની એંધાણો વર્તાઈ રહ્યાં છે. આવા સમયે દાહોદ શહેર સહિત જીલ્લાના ભુમાફિયાઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

પ્રીમિયમને પાત્ર ખેતીની જમીનોને સરકારના કરોડો રૂપીયાના પ્રીમિયમના નાણાં ભરપાઈ કર્યા વગર બોગસ બીન ખેતીના હુકમના આધારે પ્લોટોના વેચાણ દસ્તાવેજો કરી આપવાના આચરવામાં આવેલા સ્ફોટક કૌભાંડમાં દાહોદ પોલીસ તંત્રની ટીમે બે જમીન માલિકો મુસ્લિમ સમાજના અગ્રણી ઝાકરીયા મહેમુદભાઈ ટેલર અને હારૂન રહીમ પટેલની ધરપકડ કરીને પુછપરછો કરતા આ બંને જમીન માલિકોએ બોગસ બિનખેતીના હુકમો દાહોદ ના વગદાર બિલ્ડર શૈલેષ શિરીસચંદ્ર પરીખે આપ્યા હોવાનું જાણાવતા દાહોદ પોલીસ તંત્રની તપાસ ટીમે કોઈપણ પ્રકારના રાજકીય ભલામણો અગર તો દબાણો આવે આ પૂર્વે ગુરૂવારની મોડી રાત્રે શહેરના વગદાર બિલ્ડર શૈલેષ પરીખને ગુપ્તરાહે દબોચી લઈને આરોપી બનાવી દેતા સમગ્ર શહેરમાં ભારે ચકચાર પ્રસરી જવા પામી છે. જોકે, શૈલેષ પરીખની ધરપકડની ખબરો સાથે ભલભલા ભુ-માફીયાઓ ની ઊંઘ હરામ થઈ જવા પામી હોવાનો માહોલ સર્જાયો છે. જોકે, દાહોદ શહેરમાં વૈભવી ઓફિસમાં બેસીને શૈલેષ પરીખ બિલ્ડર કરતા ખેતી જમીનોને બિન ખેતીમાં ફેરવી આપવા માટે એક એજન્ટ તરીકે કામ કરતો હતો. એમાં પ્રીમિયમને પાત્ર ખેતીની જમીનોમાં સરકારને પ્રીમિયમના નાણાં ચૂકવ્યા વગર બારોબાર બિનખેતીના હુકમો લાવી આપવા માટે જે તે ખેડૂતો સાથે ોને પણ ખુશ રાખવા પડે એ માટે લાખો રૂપિયાથી લઈને કરોડો રૂપિયાના સોદાઓ કરવાના આ કૌભાંડનો આખરે પર્દાફાશ થતા સમગ્ર પ્રકરણ હાઈપ્રોફાઈલ કેસમાં ફેરવાઈ ગયું છે.

# દે.બારીયા શહેરમાં પીવાના પાણીની કૃત્રિમ તંગીનું નિર્માણ કોણ કરી રહ્યું છે તેની ચકાસણી થશે ખરી ???

દે.બારીયા, દે.બારીયા શહેરના ભે દરવાજા વિસ્તારના દરગાહ સામેના ઘરોમાં પીવાના પાણીની કૃત્રિમ તંગી પેદા કરવામાં મુખ્ય કારણ શું છે ? તેની સ્થળ તપાસ કરીને પાણી પુરવઠા શાખાના પદના અધિકારીઓ કારમાં ઉનાળામં પીવાના પાણીની સમસ્યા હલ કરવાની માંગ ઉઠવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા શહેરના ભે દરવાજા રોડ દરગાહ સામેના ૨૦ થી ૩૦ ઘરોમાં છેલ્લા બે માસથી પીવાના પાણી લો પ્રેશર થી આપવામાં આવતાં આ વિસ્તારના ઘરોમાં પીવાનું પાણી પહોંચતું નથી. વપરાશ માટે પુરતું પાણી મેળવવા પામતું નથી. તેનું મુખ્ય કારણ આ મુજબ છે. આ વિસ્તારની સામે બીજા વિસ્તારમાં પાણી આપવા માટે પાણીના વાલ્વ ખોલી દેવાતા આ વિસ્તારમાં પાણી પ્રેશરથી મળતું નથી. જો આ વિસ્તારમાં અલાયદો પાણીનો વાલ્વ ખોલવામાં આવે તો પાણીનું પુરતું પ્રેશર મળી રહે તેમ છે. જેથી પાણી પુરવઠા શાખાના પદનાઓ વાલ્વ મેનોને એક વિસ્તારમાં પાણી પુરવઠાને સપ્લાય કરવા માટે એક વિસ્તારનું વાલ્વ ખોલવા માટે સુચનો કરે તો આ વિસ્તારની કૃત્રિમ પાણીની અછત દુર થઈ શકે છે. હાલમાં વાલ્વ મેનો પોતાનું સમય બચાવવા ખાતર બે-બે વિસ્તારોનું પાણીના વાલ્વ ખોલતા હોવાના કારણે આ વિસ્તારના ઘરોમાં પાણી પ્રેશરથી પાણી પુરવઠા મળતો નથી. જેથી એક વિસ્તાર પુરતો પાણીનો વાલ્વ એક કલાકના સમય પુરતો ખોલવામાં આવશે તો આ વિસ્તારના ઘરોમાં પ્રેશરથી પાણી મળે તેવી તજવીજ હાથ ધરવામાં આવે તેવી આમ જનતાની માંગ ઉઠવા પામી છે.

# બાઈક પર લગ્ન પ્રંસગે દાહોદ જતા પરિવારને અકસ્માત, દંપતીનું મોત

દાહોદ વતનમાં લગ્ન પ્રસંગે જતા દંપતીની બાઈકને વહેલી સવારે આજવા ચોકડી પાસે અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતા દંપતીનું સ્થળ પર જ કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે ચાર વર્ષ અને દોઢ વર્ષના બાળકોને સામાન્ય ઈજા થતા સયાજી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે.

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના બીલવાણી ગામે રહેતો વિક્રમ સવસીંગભાઈ ભાભોર તેની પત્ની અને બે બાળકો સાથે વાઘોડિયા રોડ ગાયત્રી મંદિર પાસે શ્રીનાથ સોસાયટીમાં રહે છે અને કડિયા કામની મજૂરી કરે છે.

તેની સાથે દોઢ અને ચાર વર્ષના બે બાળકો રહે છે. જ્યારે અઢી વર્ષનો પુત્ર કાળુ વતનમાં દાદા – દાદી સાથે રહે છે. આજ સવારે વિક્રમ અને તેના પત્ની સુરતાબેન બે બાળકોને લઈને બાઈક પર વતનમાં લગ્ન પ્રસંગે જવા માટે નીકળ્યા હતા.વહેલી સવારે પાંચ વાગ્યે તેઓ વાઘોડિયા ચોકડીથી આજવા ચોકડી તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન લક્ષ?મી સ્ટુડિયો પાસે પાછળથી આવતા અજાણ્યા વાહને તેઓની બાઈકને ટક્કર મારતા ચારેય જણા ઉછળીને રોડ પર ફંગોળાયા હતા.પતિ – પત્નીને માથામાં ગંભીર ઈજા થતા તેઓના ઘટના સ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા. જ્યારે ઈજાગ્રસ્ત બાળકોને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. તેઓને સામાન્ય ઈજા થઈ હતી. બનાવ અંગે કપુરાઈ પોલીસે ગુનો દાખલ કરી અકસ્માત કરીને ભાગી છૂટેલા અજાણ્યા વાહન ચાલકની શોધખોળ હાથ ધરી છે.

# વેજલપુર ગ્રામ પંચાયતના તલાટી લગ્ન નોધણી નું વધુ એક કૌભાંડ જેની તપાસ કરાવવા જીલ્લા વિકાસ અધિકારીને રજૂઆત

તાજેતરમાં જ પંચમહાલ જીલ્લા ના એક તલાટી કમ મંત્રી મોટા પ્રમાણમાં લગ્નો ની નોંધણી કરાવતા સસ્પેન્ડ કરાયા છે ત્યારે વેજલપુર ગ્રામ પંચાયત માં પણ અનેક લગ્નની નોંધણી નું એક પછી એક કૌભાંડ આનદ અને હાલોલ બાદ મહેસાણા જિલ્લાના સિપોર ગામના અને હાલ વાઘોડિયા ખાતે રહેતા જગતસિંહ ચંદનસીંહ સોલંકી દ્વારા પંચમહાલ જિલ્લાના જીલ્લા વિકાસ અધિકારી ને ઉદ્દેશી કરેલ રજૂઆત મા પોતાની ભત્રીજી ના ખોટા પૂરાવા લઈ લગ્ન રજીસ્ટર કર્યા હોવાનો આક્ષેપ કરી જરૂરી કાર્યવાહી કરવા માંગ કરેલ છે. અરજીની વિગતો મુજબ તલાટી કમ મંત્રી વેજલપુર એ આશાબેન અજીતસિંહ સોલંકી રહે. સિપોર, તા.વડનગર જી.મેહસાણા નાઓ ના લગ્ન અંગેની નોંધણી ગત તારીખ ૦૫/૦૪/૨૦૨૪ ના રોજ નોધણી અનું કમં નં ૧૧૭/૨૦૨૪ થી તેઓના લગ્ન રજીસ્ટ્રરમાં નોધણી કરાવેલ છે. જે અંગે લગ્ન અંગેનુ સર્ટીફીકેટની ચકાસણી કરતા ધ્યાન પર આવેલ કે આ તલાટી એ કાયદાના સ્થાપીત ધારા ધોરણ મુજબના નીયમો વિરૂદ્ધ જઈ ખોટા પુરાવા ઉભા કરી સાચા પુરાવાનો યોગ્ય ચકાસણી કર્યા સીવાય ખોટા લગ્ન અંગેના સર્ટી ફીકેટ બનાવી આપવામાં આવી રહેલા છે. આમ આ કામના તલાટી કમ મંત્રી એ ગત તારીખ ૦૪/૦૫/૨૦૨૪ ના રોજ નોધણી કરેલ અનુ ક્રમ નં ૧૧૭/૨૦૨૪ લગ્ન સર્ટીફીકેટ મેળવવાના ફોર્મ માં નમુના નં ૧ માં વેજલપુર ગ્રામ પંચાયત પોતાના હસ્તક થી લખી ફોર્મ માં ચેડા કરેલ છે. જે સ્પષ્ટ જણાઈ આવેલ છે. તથા લગ્ન નોધણી ની યાદી માં લગ્નની તારીખ ૦૪/૦૫/૨૦૨૪ પણ પોતાના હસ્તક થી લખી તેમાં પણ ચેડા કરેલ છે. તથા લગ્ન નોધણી કરાવા માટે લેવામાં આવેલ ૫૦ રૂપીયાના સ્ટેમ્પ ગત તારીખ ૦૧/૦૨/૨૦૨૪ ના રોજ સોલંકી મહીરાજ સિંહ કિરીટસિંહ નાઓ ના નામનો સ્ટેમ્પ લેવામાં આવેલ છે. જે સદર સ્ટેમ્પ માં લગ્ન ની વિધી કરાવનાર મુકેશકુમાર વિઠ્ઠલભાઈ જોષી નામના ઈસમે સોગંદનામું કરેલ છે. જેમાં મહાદેવ મંદિર વેજલપુર, તા.કાલોલ, જી.પંચમહાલ મુકામે કુલહાર કરી લગ્ન કરેલ છે. જેવી હકીકત જણાવેલ છે. આમ આ કામના લગ્ન અંગેની વિધી કરનાર મહારાજ કયારેય વેજલપુર, તા.કાલોલ મુકામે આવેલ નથી. વધુમાં સદર સર્ટીફીકેટ જોતા વેજલપુર મુકામે મહાદેવ મંદિર માં લગ્ન કરવામાં આવેલ નથી જેની કોઈ જ હકકીકત સાચી જણાવેલ નથી આમ આ કામના તલાટી એ સરકાર શ્રી દ્વારા સ્થાપીત ધારા ધોરણના નીયમોને નેવે મુકી કાયદો પોતાના હાથ માં લઈ એક બીજા સાથે મેળાપીપણુ કરી ખોટા પુરાવા ઉભા કરી લગ્નની નોંધણી કરાવી રહેલા છે. જે કાયદા વિરુદ્ધ નુ ગુનાહીત કૃત્ય છે. આમ તલાટી કમ મંત્રી નાઓ એ પૈસા પડાવવા ના ઈરાદે ખોટા પુરાવા ઉભા કરી તાલુકા બહાર ની લગ્ન અંગેની નોંધણી કરી રહેલા છે. આમ અનુક્રમ નં ૧૧૭/૨૦૨૪ થી આપવામાં આવેલ સર્ટીફીકેટ ના કામે રજુ કરવામાં આવેલ વર કન્યા તથા સાક્ષીઓના સોગંદનામા વેજલપુર મુકામે નહી પરંતુ બનાસકાંઠા મુકામે કરવામાં આવેલ છે. જે પુરાવા તરીકે રજુ કરેલ છે. જે સ્પષ્ટ જણાઈ આવે છે.આમ આ તલાટી કમ મત્રી દ્વારા પોતાના મોબાઈલ પર પીડીએફ મંગાવી સર્ટીફીકેટ આપવામાં આવી રહેલા છે. આમ આ કામના તલાટી કમ મંત્રી નાઓ એ સને ૨૦૨૪ માં આજ દિન સુધી ૧૩૦ જેટલા લગ્ન અંગે ની નોધણી તેઓ ની ગ્રામ પંચાયત માં લગ્ન રજીસ્ટ્રરમાં નોંધ કરેલ છે. આમ લગ્ન રજીસ્ટ્રરમાં લેવામાં કન્યા ની સહી ના નમૂના માં વર કન્યા ને બોલાવ્યા સીવાય પોતે સહી કરી કાયદા વિરુદ્ધનુ ગુનાહીત કૃત્ય આચરી રહેલા છે. આમ સદર કામે આ કામના તલાટી ક્રમ મંત્રી વેજલપુર ગ્રામ પંચાયત ની સચોટ તપાસ કરવામાં આવે તો લગ્ન નોધણી અંગે નુ મસ મોટુ કૌભાંડ બહાર આવે તેમ છે જેથી કાયદેસરની તપાસ કરાવવા લેખીત રજુઆત કરી છે જેથી તમામ લગ્નની નોંધણી વહેલી તકે તપાસ થાય તે જરૂરી બન્યું છે

# છોટાઉદેપુરના કવાંટમાં લગ્ન પ્રસંગમાં દેશી તમંચા વડે ફાયરિંગ, યુવાનની અટકાયત

છોટાઉદેપુર છોટાઉદેપુરના ક્વાંટમાં લગ્ન પ્રસંગમાં ફાયરિંગની ઘટના બન્યાનું સામે આવ્યું. છોટાઉદેપુરના સાંકળ ગામથી જઈ રહેલ વરઘોડામાં દેશી તમંચા વડે ફાયરિંગ કરાયું. વરઘોડામાં ફાયરિંગ થતા મહિલાને ગોળી વાગતા ઘાયલ થઈ. વરઘોડામાં જાનૈયાઓ ડી જે ના તાલ પર નાચતા હતા. ત્યારે યુવાને ફાયરિંગ કર્યું અને ગોળી મહિલાની સાથળમાંથી આરપાર થઈ. મહિલાને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી.ઘટનાની પ્રાપ્ત વિગત મજુબ સાંકળગામથી નીકળેલ વરઘોડામાં ફાયરિંગની ઘટના બનવા પામી હતી. આપણે ત્યાં સામાન્ય રીતે લગ્ન પ્રસંગમાં કન્યાને પરણવા આવનાર યુવક પોતાના કુટુંબ પરિજનો સાથે વરઘોડો લઈને આવે છે. અને આ વરઘોડામાં સામેલ થનારા જાનૈયાઓ ઢોલ અને ડી.જેના તાલ પર નાચતા-નાચતા ધૂમધામથી કન્યાને ઘરે પંહોચે છે. આજે પણ કેટલાક સમાજમાં લગ્નપ્રસંગની ઉજવણીમાં વરઘોડા નીકળ્યો ત્યારે ફાયરિંગ કરવામાં આવે છે. આવું જ કંઈક સાંકળગામના વરઘોડામાં બન્યું. છોટા ઉદેપુરના સાંકળગામથી નીકળેલ વરઘોડામાં એક યુવાને ફાયરિંગ કર્યું. અને આ ફાયરિંગમાં ગોળી એક મહિલાના સાથળમાંથી આરપાર થઈ. ગોળી વાગતા મહિલા ગંભીરપણે ઘાયલ થતા તાત્કાલિક તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા. ઈજાગ્રસ્ત મહિલાનું નામ શાંતુંબેન ગણપતભાઈ રાઠવા છે. તેમની ઉમંર ૫૧ વર્ષ છે અને તેઓ રેણધી ગામના રહેવાસી છે.

વરઘોડામાં ફાયરિંગ કરનાર યુવાનનું નામ પ્રવીણ વિરસિંગ રાઠવા છે. પ્રવીણ સામે કવાંટ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ. આ ઘટના ૨૯ મી એ મધ્યરાત્રીનાબની હતી. ઘટનામાં પોલીસ પોતે ફરિયાદી બની ફાયરિંગ કરનાર શખ્સની પોલીસે અટકાયત કરી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.239

# પંચમહાલ જીલ્લાની ૧૮ લોકસભા બેઠકનું નસીરપુર ઈજનેરી કોલેજ ખાતે મત ગણતરી હાથ ધરાશે



ગોધરા,

પંચમહાલ જીલ્લાની ૧૮ લોકસભા બેઠક ઉપર પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ૭મી મેના રોજ શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. ત્યારે આગામી ૦૪/૦૬/૨૦૨૪ના રોજ ગોધરા તાલુકાના નસીરપુર ગામે આવેલ ઈજનેરી કોલેજ ખાતે સવારે ૮–૦૦ વાગ્યાનથી મત ગણતરી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જેને લઈને જીલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ પ્રકારની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. ત્યારે આજરોજ પંચમહાલ જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર આશિષ કુમારના અધ્યક્ષ સ્થાને મતગણતરીની પૂર્વ તૈયારીઓને લઈને કલેક્ટર કચેરી સભાખંડ ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી.

જેમાં જીલ્લા ચૂંટણી અધિકારીએ માહિતી આપતા જણાવ્યું હતું કે, ૧૮–પંચમહાલ લોકસભામાં સમાવિષ્ટ સાત વિધાનસભા મત વિસ્તારર મુજબ અલગ–અલગ ટેબલ/હોલમાં કુલ ૧૫૫ રાઉન્ડ માં મતગણતરી યોજાશે.જેમાં કુલ ૧૧,૧૬, ૧૭૧ ઈ.વી.એમ.ના મતો અને ૧૫,૯૭૨ પોસ્ટલ બેલેટની મતગણતરી કરવામાં આવશે જ્યારે અત્યારસુધી ૭૦૮ સર્વિસ વોટર નોંધાયા છે. તેમણે વધુમાં જણાવ્યું કે,સાત વિધાનસભા મતદાર વિભાગ મુજબ અલગ–અલગ રૂમમાં ૧૪ ટેબલની વ્યહવસ્થા કરવામાં આવી છે. દરેક ટેબલ ઉપર એક મતગણતરી સુપરવાઈઝર, એક માઈક્રોઓબ્જ ર્વર અને એક મતગણતરી સહાયક રહેશે. મતગણતરી માટે કુલ ૫૪૦થી વધુ અધિકારી/ કર્મચારીઓ ફરજ બજાવશે.કાયદો અને વ્યસ્થા માટે ત્રણ લેયરમાં સિક્યુરિટી ગોઠવવામાં આવશે. જે માટે ૫ ડી.વાય.એસ.પી,૧૦ પી.આઈ,૩૮૪ પોલીસ જવાનો તથા ૩૫ સી.આઈ.એસ.એફ અને એસ.આર.પી. જવાનોની ફાળવણી કરવામાં આવી છે.

એક વિધાનસભા મત વિસ્તાંર દીઠ ૧૪ ટેબલ એમ કુલ સાત વિધાનસભાના મળી કુલ ૯૮ ટેબલ ઈ.વી.એમ માટે તથા પોસ્ટલ બેલેટ માટે અલગથી ૩૭ ટેબલ પર મતગણાતરી હાથ ધરાશે.૧૮–પંચમહાલ લોકસભાની વિધાનસભા મતદાર વિભાગ મુજબ મતગણતરીના થનાર રાઉન્ડટની વિગતો અંગે જણાવ્યું કે, ૧૧૯– ઠાસરા વિધાનસભા માટે ૨૨ રાઉન્ડમ, ૧૨૧–બાલાસિનોર માટે ૨૪ રાઉન્ડગ, ૧૨૨ લુણાવાડા માટે ૨૬ રાઉન્ડઅ, ૧૨૪ શહેરાના ૨૧ રાઉન્ડ , ૧૨૫ મોરવા હડફના ૧૮ રાઉન્ડે, ૧૨૬ ગોધરાના ૨૧ રાઉન્ડન અને ૧૨૭ કાલોલના ૨૩ રાઉન્ડા મળીને કુલ ૧૫૫ રાઉન્ડમાં મતગણતરી કરવામાં આવશે.

મતગણતરીની કામગીરી સુપેરે પાર પડે તે માટે પંચમહાલ જીલ્લા ચૂંટણીતંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો છે. જીલ્લા ચૂંટણી અધિકારી આશિષ કુમારે પૂર્વ તૈયારીઓને લઈને સબંધિત અધિકારીઓ સાથે પણ સમીક્ષા બેઠક યોજીને ચૂંટણી પંચની ગાઈડલાઈન મુજબ વિવિધ કામગીરીની સોંપણી કરાઈ છે. જેમાં મેડીકલ ટીમ અને નગરપાલિકા ફાયર વિભાગ, બી.એસ.એન.એલ., જી.ઈ.બી. સહિત વિવિધ વિભાગના કર્મીઓ પણ તેમને સોંપવામાં આવેલી કામગીરી પ્રમાણે ફરજ બજાવશે.

આ પ્રેસ કોન્ફરન્સમાં નાયબ જીલ્લા ચૂંટણી અધિકારી ડો.પી.કે.ડામોર, નાયબ માહિતી નિયામક પારૂલ મણિયાર સહિત ઈલેકટ્રોનિક અને પ્રિન્ટ મીડિયાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગોધરા ખાડી ફળીયા અને રામેશ્વર નગરમાં વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા જોવા પ્રાંત અધિકારીએ સ્થળ તપાસ કરી



ગોધરા,

ગોધરા શહેરના ખાડી ફળિયા વિસ્તારમાં આવેલ રામેશ્વર નગર ખાતે વરસાદી પાણીના નિકાલ કરવા માટે અને ચોમાસા દરમિયાન કોઈ તકલીફ ના પડે એ માટે ગોધરા પ્રાંત અધિકારી સહિતના કર્મચારીઓ દ્વારા રામેશ્વર નગર સોસાયટી ની મુલાકાત લેવામાં આવી હતી.

આગામી ટૂંક સમયમાં ચોમાસાની શરૂઆત થનાર ત્યારે આ વિસ્તારમાં પાણી ભરાઈ જવાની સમસ્યાના આગોતરાના ભાગરૂપે ગોધરા પ્રાંત અધિકારી મામલતદાર નગરપાલિકા ચીફ ઓફિસર અને આરએન્ડબીના અધિકારીઓ સહિતના કર્મચારીઓ દ્વારા ગોધરા રામેશ્વર નગર વિસ્તારની મુલાકાત લઇ અને આગામી ચોમાસા દરમિયાન પાણી ભરાઈ જવાની સમસ્યા હલ કરવા માટે સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં ગોધરા ખાડી ફળિયા વિસ્તાર સહિત રામેશ્વરનગરના સ્થાનિક લોકો ઉપસ્થિત રહ્યા હતા અને તમામ લોકો પાસે વરસાદી પાણીની સમસ્યાને હલ કરવા માટે સ્થાનિક લોકોના પ્રતિભાવ લેવામાં આવ્યા હતા. જેમાં સ્થાનિક લોકોએ કાયમી વરસાદી પાણીનો નિકાલ કરવામાં આવે તે માટે રજૂઆત કરવામાં આવી હતી.ગોધરા શહેરના ખાડી ફળિયા વિસ્તારમાં આવેલ રામેશ્વર નગર સહિત વિસ્તારમાં ગત વર્ષે ચોમાસા દરમિયાન વરસાદી પાણી ભરાવાના કારણે ત્યાંના સ્થાનિક લોકોને આખી રાત પાણીમાં રહેવાનો વારો આવ્યો હતો. જેના કારણે ત્યાંના સ્થાનિક લોકોએ રોષે ભરાઈને નગરપાલિકા સહિત કલેકટર કચેરીએ રજૂઆત કરી હતી, તે છતાં પણ તેમની સમસ્યાનો નિરાકરણ ન આવતા આખરે ધારાસભ્ય ના ઘરે જઈ રજૂઆત કરી અને પાણીનો નિકાલ કરવા માટે માંગ કરી હતી. જેને લઈને ગોધરાના ધારાસભ્ય સી.કે.રાઉલજી દ્વારા તાત્કાલિક ધોરણે વરસાદી પાણીના નિકાલ માટે સ્થાનિક વહીવટી તંત્રને તાકીદ કરી હતી. ત્યારે ફરી એકવાર આગામી ટૂંક સમયમાં ચોમાસાની શરૂઆત થનાર છે. ત્યારે ખાડી ફળિયા વિસ્તાર સહિત રામેશ્વર નગર ખાતે ફરી પાછી પાણી ભરવાની સમસ્યા ના સર્જાય તે માટે સ્થાનિક લોકોને સાથે રાખીને અને વરસાદી પાણીનો નિકાલ કઈ રીતે કરવું તે માટે ગોધરા પ્રાંત અધિકારી સહિતના અધિકારીઓ દ્વારા દરેકના પ્રતિભાવો લેવામાં આવ્યા હતા. જેમાં ગોધરાના પ્રાંત અધિકારી સહિત ચીફ ઓફિસરે તમામ લોકોની ઉપસ્થિતમાં ખાતરી આપી હતી કે અગામી સમય પાણી ભરવાની સમસ્યા ન સર્જાઇ નહીં તે માટે તકેદારી રાખવામાં આવશે.

## શહેરા મામલતદાર અને પાલિકાએ નાકા રોડ ઉપર સો મીલ અને લાકડાના પીઠા મળી બે એકમો સીલ કરાયા



શહેરા,

અગ્નિકાંડ બાદ શહેરાનું પાલિકા અને મામલતદાર કચેરીનું તંત્ર જાગેલું જોવા મળી રહ્યું હતું. નગર વિસ્તારમાં અલગ અલગ જગ્યા ઉપર ફાયર સેફ્ટીની સુવિધાની ચકાસણી પાલિકા અને મામલતદારની ટીમ દ્વારા કરવામાં આવતા નાડા રોડ ઉપર આવેલી ભવાની સો મીલ લાકડાના પીઠા સહિત અન્ય બે એકમોને ફાયર સેફ્ટીનો અભાવ હોવાથી સીલ કરીને જરૂરી કાર્યવાહી હાથધરી હતી.

શહેરામાં ફાયર સેફટીના નિયમોની કડક અમલવારી માટે તંત્ર આકરા પાણીએ થયું છે. નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર જીતેન્દ્રસિંહ રાઠોડ, મામલતદાર કચેરીના સર્કલ ભાવેશ પરમાર સહિતની ટીમ દ્વારા પાછલા બે દિવસથી ફાયર સેફ્ટીના સાધનો વગર ધમધમતા એકમો સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી હતી. જ્યારે શનિવારના રોજ નગરના નાડા રોડ પર બેંક અને મંદિરની બાજુમાં આવેલી ભવાની સો મિલમાં નગરપાલિકા અને મામલતદારની ટીમ દ્વારા ફાયર સેફ્ટીની સુવિધાની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. જોકે, ભરચક વિસ્તારમાં આ લાકડાનું પીઠું આવેલ હોય તેમ છતાં અહીં ફાયર સેફ્ટીનો અભાવ હોવાથી પીઠાના માલિકની ઘોર બેદરકારી આ સામે જોવા મળી હતી. સબંધિત તંત્ર સામે અનેક સવાલો અહીં ઉઠે તો નવાઈ નહીં કેમકે આ વિસ્તારમાં વર્ષો જૂની આ ભવાની સો મિલ હોવા સાથે મોટી સંખ્યામાં લાકડાનો જથ્થો અહીં જોવા મળતો હોય તેમજ જે જગ્યાએ લાક્ડાનું પીઠું આવેલ એ જમીન એન એ નહિ હોવાનું નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર જીતેન્દ્રસિંહ રાઠોડ અને મામલતદાર કચેરીમાં ફરજ બજાવતા સર્કલ ભાવેશ પરમાર પાસેથી જાણવા મળેલ હતું. ફાયર સેફટીની સુવિધાની ચકાસણીમાં અહીં અનેક નિયમોનું પાલન નહીં થતું હોવાથી ટીમ દ્વારા ભવાની સો મિલને સીલ મારીને જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, ભવાની સો મિલ નગરના નાડા રોડ ઉપર ભરચક વિસ્તારમાં હોવા સાથે સતત વાહનોની અવરજવર રહેતી હોય અને જમીન પણ એન એ કરેલ નથી એવું તંત્ર પાસેથી જાણવા મળેલ હોય ત્યારે સંબંધિત તંત્ર ની અહીં લાલિયા વાડી કહીએ કે પછી છુપા આશીર્વાદ ના કારણે આ ભવાની સો મિલ વર્ષોથી ચાલી રહી હતી કે શું ? એવા અનેક સવાલો હાલ જાગૃત નાગરિકો માં ચર્ચાઇ રહ્યા હતા . નગરપાલિકા અને મામલતદાર ની ટીમ દ્વારા અન્ય બીજા એકમોમાં પણ ફાયર સેફ્ટી અંગેની તપાસ કરતાં શિવમ નર્સિંગ ક્લાસિસ તેમજ ટ્યુશન ક્લાસીસ ને પણ સીલ કરવામાં આવતા નવીન ફાયર બોટલ લેવા માટે દોડધામ કરવા સાથે ફફડાટ ફેલાઇ જવા પામ્યો હતો.

## ગોધરાના લીલેસરા ગામની જમીન પચાવી પાડવાના ગુનામાં આરોપીની જામીન અરજી નામંજુર કરતી કોર્ટ

ગોધરા,

ગોધરા તાલુકાના લીલેસરા ગામ જમીન પચાવી પાડવાના ખોટા દસ્તાવેજ ઉભા કરી કાવતરું રચનાર આરોપી સુલેમાન અબ્દુલ સત્તાર કુરકુર એ કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી દાખલ કરી હતી. આ જામીન અરજીની સુનાવણી હાથ ધરતા સરકારી વકીલની દલીલોને ગ્રાહ્ય રાખી આરોપીની જામીન અરજી નામંજુર કરવામાં આવી.

ગોધરા તાલુકાના લીલેસરા ગામે સર્વે નં.૫૪/૧૦વાળી જમીન પચાવી પાડવા માટે આરોપી સુલેમાન અબ્દુલ સત્તાર કુરકુરએ અન્ય આરોપીઓ સાથે મળીને પૂર્વ આયોજીત કાવતરું રચવામાં આવ્યું હતું અને ખોટું સોગંનામું તેમજ ખોટું પેઢીનામું તૈયાર કરી સાચા તરીકે ઉપયોગ કરી ભળતા નામાવાળી વ્યકિતની સાચી હકીકત છુપાવી પોતાનું કાવતરું પાર પાડી ગુનો કર્યો હતો. આ બાબતે પોલીસ ફરિયાદના આધારે આરોપી સુલેમાન અબ્દુલ સતાર કુરકુરને ઝડપીને જેલમાં મોકલી આપવામાં આવ્યો હતો. આરોપીએ એડી.સેશન્સ જજ પી.એ.માલવીયાની કોર્ટમાં નિયમીત જામીન મેળવવા માટે અરજી મુકાઇ હતી. તે જામીન અરજીની સુનાવણી પાંચમા એડી.સેશન્સ જજ પી.એ.માલવીયાની કોર્ટમાં સુનાવણી હાથ ધરતા સરકારી વકિલ રાકેશ એસ.ઠાકોર એ વિગતવાર દલીલો તેમજ તપાસ અધિકારીઓના કાગળો જોતાં આરોપીની જામીન અરજી નામંજુર કરવામાં આવી છે.

## પંચમહાલ ખાણ-ખનિજ વિભાગે ગોધરાના રતનપુર કાંટડી પરથી ક્વાર્ટઝ અને રેતી ભરેલ ટ્રક-ટ્રેક્ટર સાથે બે ઈસમને ઝડપ્યા



શહેરા,

પંચમહાલ જીલ્લા ખાણ ખનીજ વિભાગની ટીમ ચેકીંગ દરમિયાન બાતમી મળી હતી કે, શહેરા તાલુકામાં માંથી એક ટ્રક ગેરકાયદેસર ઓવરલોડ ક્વાર્ટ્ઝ ભરીને આવી રહ્યું છે. જ્યારે બીજી બાજુ ગોધરા તાલુકાના રતનપુર કાટડી રોડ બેરોકટોક રીતે ગેરકાયદેસર રીતે એક ટ્રેકટર રેતીને ભરીને આવી રહ્યાની બાતમી આધારે બંને જગ્યાએ રેડ દરમિયાન ક્વાર્ટ્ઝ ભરેલ ટ્રક અને રેતી ભરેલા ટ્રેક્ટર સાથે બે ઇસમની અટકાયત કરી ૩૫ લાખનો મુદ્દામાલ કબજે કરી અને મુદ્દામાલ ને શહેરા મામલતદાર કચેરી અને ટીંબા ગામે સીઝ કરી મૂકવામાં આવ્યો હતો.

પંચમહાલ જીલ્લામાં ખનીજ માફીયાઓ એટલા બધા હાઇટેક બની ગયા છે કે ગેરકાયદેસર ખનીજની ચોરી કરવા અવનવા નુસખા અપનાવી રહ્યા છે. જેમાં ખાણ ખનીજના અધિકારીઓનું લાઈવ લોકેશન જાણી તેમની પળે પળની માહિતી રાખવામાં આવે જેમાં ઓફિસ લઈ અને કઈ બાજુ તપાસ કરવાના છે. તેની દરેક માહિતી વચેટિયા રાખી રહ્યા છે. ત્યારે ખાણ ખનીજ અધિકારીઓ પણ ખનીજ માફીયાઓની ગેરકાયદેસર તમામ ગેર પ્રવૃત્તિ ઉપર બાજ નજર રાખી કાયદેસરના પગલાં લેવામાં આવી રહ્યા છે.

દિન પ્રતિદિન બેરોકટોક રેતી, સફેદ પથ્થર, બ્લેક ટ્રેપ સહિત કુદરતી ખનીજનું બિન્દાસ પણે હેરાફેરી કરતા ખનીજ માફીયાઓ ઉપર અંકુશ રાખી દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી છે. ત્યારે શહેરા તાલુકામાં માંથી એક ટ્રક ગેરકાયદેસર ઓવરલોડ ક્વાર્ટ્ઝ ભરીને આવી રહ્યુ છે. જ્યારે બીજી બાજુ ગોધરા તાલુકાના રતનપુર કાંટડી રોડ બેરોકટોક રીતે ગેરકાયદેસર રીતે એક ટ્રેક્ટર રેતીને ભરીને આવી રહ્યાની બાતમી આધારે બને જગ્યાએ રેડ દરમિયાન ક્વાર્ટ્ઝ ભરેલ ટ્રક અને રેતી ભરેલા ટ્રેક્ટર સાથે બે ઇસમની અટકાયત કરી ૩૫ લાખનો મુદ્દામાલ કબજે કરી અને મુદ્દામાલને શહેરા મામલતદાર કચેરી અને ટીંબા ગામે સીઝ કરી મૂકવામાં આવ્યો હતો.

## વેજલપુર પોલીસ સ્ટેશન મથકે પશુ સંરક્ષણના ગુનામાં ફરાર આરોપીને ઝડપ્યો



વેજલપુર,

વેજલપુર પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા છેલ્લા ચાર માસથી પશુ સંરક્ષણ અધિનિયમ હેઠળ કુલ ૦૩ ગુનામાં ફરાર આરોપીઓને ઝડપી લીધા હતા.

પંચમહાલ જીલ્લાના વેજલપુર પોલીસ સ્ટેશનના પીએસઆઈ.એસ.એલ.કામોલને ખાનગી રાહે બાતમી મળી હતી કે, વેજલપુર પો.સ્ટે.પશુ સંરક્ષણ અધિનિયમ હેઠળ કુલ ૦૩ ગુનામાં આરોપી ઈમરાન મોહંમદ જમાલ ઉર્ફે તૈમુર રહે, વેજલપુર નાના મહોલ્લા રહેમાનીયા મસ્જીદ તા.કલોલ નાનો એચ.એફ. ડિલકસ મો.સા.નં.જીજે–૧૭–બીસી–૦૮૯૬ તે ગોધરાથી વેજલપુર બાજુ આવી રહ્યો હોવાની બાતમીના આધારે સર્વેલન્સ સ્ટાફના માણસો સાથે નાંદરખા ચોકડી પાસે વોચ ગોઠવીને આરોપી આવી રહ્યો હતો. તે દરમિયાન વોચ ગોઠવી હતી. એક મોટરસાઈકલ પર માહિતી મેળવી અને પોલીસને જોઈને ભાગવા લાગ્યો હતો. તેનો પીછો કરી ઈમરાન મોહંમદ જમાલ ઉર્ફે તૈમૂર રહે.વજલપુર નાના મોહલ્લાની ધરપકડ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### કાલોલના દોલતપુરા ગામે ઘર માંથી ૪૪ હજારનો ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપ્યો

કાલોલ તાલુકાના દોલતપુરા ગામે રહેતા દિલીપસિંહ ઉર્ફે દિલો સામંતસિંહ રાઠોડ પોતાના ઘરમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખીને ધંધો કરતા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ઘરમાં રાખેલ ઓફિસર વ્હીસ્કી પ્લાસ્ટીક કવાટર નંગ–૧૪૧, ગોવા સ્પીરીટ ઓફ સ્મુથનેશ પ્લાસ્ટીક કવાટર નંગ–૨૮, સુપર સ્ટોંગ બીયર ટીન નંગ–૧૮, રોયલ સ્ટ્રોંગ વ્હીસ્કી કાચના બોટલ નંગ–૬, મેકડોલ વ્હીસ્કી કવાટર નંગ–૪૫, ઓરેન્જ રમ વોડકા નંગ–૪૬, વ્હાઈટ વોડકા કાચના કવાટર નંગ–૪૬, કન્ટ્રી ડીલક્ષ વ્હીસ્કી પ્લાસ્ટીક કવાટર નંગ–૫૫ મળી કુલ બોટલ, બીયર, કવાટર મળી નંગ–૩૬૯ કિંમત ૪૪,૬૪૫/–રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. રેઈડ દરમિયાન આરોપી મળી નહિ આવતાં આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

### કાલોલ શકિતપુરા નર્મદા કેનાલ માંથી અભેટવાના ૪૪ વર્ષીય વ્યકિત મરણ ગયેલ હાલતમાં મળી આવ્યો

કાલોલ તાલુકાના અભેટવા ગામે તળાવ ફળીયામાં રહેતા અર્જુનસિંહ ઉર્ફે વિકાસ નરવતસિંહ રાઠોડ ઉ.વ.૪૪ જે પોતાના ઘરેથી નિકળી ૩૦મેના રોજ ખાખરીયા નર્મદા કેનાલ ઉપરના પગથીયા ઉતરીને કોઈ અગમ્યકારોણસર અથવા લીધેલ લોનનું દેવું વધુ જવાના કારણે કેનાલના પાણીમાં કુદીને ગુમ થઈ ગયેલ હતા અને ૧ જુનના રોજ નર્મદા શકિતપુરા ગેટ પાસેથી તેમના મૃતદેહ મળી આવેલ હતો. ઘટનાની જાણ થતાં કાલોલ પોલીસ ઘટના સ્થળે પહોંચીને મૃતદેહનો કબ્જો મેળવી કાયદેસર કાર્યવાહી હાથ ધરી આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

### હાલોલ-વડોદરા બાયપાસ મહેન્દ્રા ટ્રેકટર શોરૂમ સામે આઈસરની ટકકરે બાઈક ચાલકનું મોત

હાલોલ,

હાલોલ–વડોદરા બાયપાસ રોડ ઉપર મહેન્દ્ર ટ્રેકટરના શોરૂમ સામે આઈસર ટેમ્પોના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી બાઈકને અડફેટમાં લઈ ચાલકને ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવી ગુનો કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ–વડોદરા બાયપાસ રોડ ઉપર આવેલ મહેન્દ્ર ટ્રેકટરના શોરૂમ સામેથી પસાર થતાં આઈસર ટેમ્પો નં.જીજે.૦૬.એયુ.૫૫૧૫ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે ગફલત ભરી રીતે હંકારી લાવી રોડ ઉપરથી પસાર થતી મોટર સાયકલ નં. જીજે.૧૭.સીપી.૭૬૬૬ને અડફેટમાં લઈ ચાલક અરવિંદભાઈ અમરસિંહ બારીયા ઉ.વ.૪૦ને ગંભીર ઈજાઓ પહોંચાડતા ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું અને આઈસર ચાલક નાશી જઈ ગુનો કરતાં આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

### કાલોલના દેલોલ ગામે ૩૬ વર્ષીય મહિલા મગજની અસ્થિરતાને લઈ એસીડ પી જતાં સારવાર દરમિયાન મોત

કાલોલ,

કાલોલ તાલુકાના દેલોલ ગામે રહેતી ૩૬ વર્ષીય મહિલાએ મગજની અસ્થિરતાના કારણે ઘરના બાથરૂમમાં રાખેલ એસીડ પી જતાં દવા સારવાર માટે ગોધરા સિવિલમાં ખસેડતા સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું.પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના દેલોલ ગામે રહેતા જયેશભાઈ કંચનભાઈ હરીજનની મોટી બહેન ધર્મીષ્ઠાબેન તા.૩૧મેના રોજ સવારના સમયે અગમ્યકારણોસર પોતાના ઘરના બાથરૂમમાં મુકી રાખેલ એસીડ પોતે કોઈ અગમ્યકારણોસર પી ગયેલ હોય જેને દવા સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડતા દવા સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું. આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.